RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 115* Date: 21.02.2021 Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## રાજ્યમાં ૬ મનપાની ચૂંટણી મુદ્દે ગાઈડલાઈન જાહેર

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને હવે ગણતરીનો સમય બાકી છે. ત્યારે સવાલ ઉભો થાય છે કે, શું આ ચૂંટણીમાં કોરોનાનાં દર્દીઓ મતદાન કરી શકશે? જેના જવાબરૂપે એક મોટા સમાચાર સામે આવ્યા છે. જણાવી દઈએ કે, રાજ્યમાં ૬ મનપાની ચૂંટણી મુદ્દે ગાઈડલાઈન જાહેર કરવામાં આવેલ છે. કોરોનાનાં સંક્રમિત દર્દીઓ અંતિમ કલાકમાં મતદાન કરી શકશે.

આપને જણાવી દઈએ કે, રાજ્યમાં કોરોનાનો આંક દિવસો જતા ઘટી રહ્યો છે. પરંતુ હજુ તે આપણા જીવનમાંથી પૂરી રીતે ચાલ્યો ગયો નથી. આ જ કારણ છે કે ચૂંટણીમાં કોરોનાથી સંક્રમિત દર્દીઓ મતદાન કરી શકશે કે નહી તે સવાલો જનમુખે છે. ત્યારે આ સવાલનાં જવાબરૂપે એક મોટા સમાચાર સામે આવ્યા છે. આપને જણાવી દઈએ કે, જે લોકો કોરોનાથી અગાઉથી જ સંક્રમિત હશે તેમણે નોંધણી કરાવવી પડશે, અને અંતિમ કલાકમાં તેઓ મતદાન કરી શકશે. મનપામાં મતદાન માટે હવે આખરે વ્યવસ્થા કરાઈ છે.

## કોરોનામાં મતદાન માટે ઈલેક્શન કમિશને જાહેર કર્યો હેલ્પલાઈન નંબર

અમદાવાદમાં ચૂંટણીમાં લઈને તૈયારીઓ પૂર્ણ થઈ છે. ચૂંટણીને લઇ ચૂંટણી પંચની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે ત્યારે મતદારો માટે હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે. અમદાવાદમાં ચૂંટણીમાં લઈને તૈયારીઓ પૂર્ણ થઈ છે. ચૂંટણીને લઇ ચૂંટણી પંચની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ત્યારે પ્રથમવાર મતદાન બુથનું સ્થળ દર્શાવતા પોસ્ટર લાગ્યા છે. સોસાયટી, ફ્લેટની બહાર મતદાન મથકના પોસ્ટર લગાવાયા છે. રહેણાંક વિસ્તારમાં મતદાન બુથની વિગત સાથે પોસ્ટર લાગ્યા. મતદારોને મતદાન મથક નહી શોધવું પડે. આ માટે મતદારો માટે ૦૭૯ ૨૭૫૬૯૧૦૫ હેલ્પ લાઈન નંબર જાહેર કરાયો છે.

પ્રથમ તબક્કે મહાનગરપાલિકા અને પછી નગરપાલિકા અને પંચાયતોની ચૂંટણી યોજાશે. ૬ મહાનગરપાલિકાઓ માટે ૨૧ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે અને ૨૩ ફેબ્રુઆરી મતગણતરી થશે. જ્યારે ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૧ તાલુકા પંચાયતો તેમજ ૮૧ નગરપાલિકાઓ માટે ૨૮ ફેબ્રુઆરીએ મતદાન થશે. જેની ૨ માર્ચના રોજ મતગણતરી કરવામાં આવશે.

૬ મહાનગરપાલિકાઓ માટે ૨૧ ફેબ્રુઆરીએ મતદાન અને ૨૩ ફેબ્રુઆરી મતગણતરી થશે. જેથી મનપાના પરિણામો જાહેર થઈ જશે. જેની અસર પંચાયતોની ચૂંટણી પર થઈ શકે છે. ૨૧ ફેબ્રુઆરીએ ૬ મહાનગર પાલિકાઓ અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર અને જામનગર માટે મતદાન થશે. જ્યારે જૂનાગઢની બે બેઠક પર પણ ચૂંટણી થશે.

## સતત ૧૨માં દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો: દિલ્હીમાં પેટ્રોલ ૩૯ પૈસા મોંઘુ થયું

ન્યુ દિલ્હી,તા.૨૦

પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં સતત ૧૨ માં દિવસે શનિવારે જોરદાર વધારો થયો છે. શનિવારે દિલ્હીમાં પેટ્રોલ ૩૯ પૈસા પ્રતિ લીટર મોંઘુ થઈ ગયું છે. આ સાથે અહીં પેટ્રોલની કિંમત ૯૦.૫૮ રૂપિયા પર પહોંચી ગઈ છે. ડીઝલ પણ ૩૭ પૈસા વધી લિટર દીઠ ૮૦.૯૭ રૂપિયા પર પહોંચી ગયું છે. મુંબઈમાં પેટ્રોલ ૯૭.૦૦ પર પહોંચી ગયું છે, જે મેટ્રો શહેરોમાં સૌથી વધુ છે. ભોપાલમાં એક્સપી પેટ્રોલ ૧૦૧.૫૧ રૂપિયામાં વેચાઈ રહ્યું છે. અહીં સામાન્ય પેટ્રોલની કિંમત પણ ૯૮.૬૦ રૂપિયા પર પહોંચી ગઈ છે. ડીઝલની વાત કરીએ તો, ભોપાલમાં તે પણ ૯૦ રૂપિયાની નજીક પહોંચી ગયું છે.

ભોપાલમાં ડીઝલની કિંમત ૮૯.૨૩ રૂપિયા છે. લખનઉમાં પેટ્રોલ ૮૮.૮૬ અને ડીઝલ ૮૧.૩૫ રૂપિયામાં વેચાઈ રહ્યું છે. મુંબઈમાં તે પ્રતિ લિટર ૮૮.૦૬ રૂપિયા પર પહોંચી ગયું છે. તે જ સમયે, એક લિટર ડીઝલ પટનામાં ૮૬.૨૨ રૂપિયામાં ઉપલબ્ધ છે. પેટ્રોલના ભાવ પણ અહીં ૯૨.૯૧ રૂપિયા પર પહોંચી ગયા છે. બીજી તરફ, પડોશી રાજ્ય ઝારખંડની રાજધાની રાંચીમાં પેટ્રોલ ૮૮.૦૮ અને ડીઝલ ૮૫.૬૦ રૂપિયામાં મળી રહ્યું છે. કોલકાતાની વાત કરીએ તો પેટ્રોલ ૯૧.૭૮ રૂપિયા અને ડીઝલ ૮૪.૫૬ રૂપિયા પ્રતિ લિટર પર મળે છે. છેલ્લા ૧૨ દિવસમાં પેટ્રોલ ૦૩.૨૮ રૂપિયા મોંઘુ થઈ ગયું છે. ડીઝલ ૩.૪૯ રૂપિયા મોંઘુ થઈ ગયું છે. આ વર્ષે ફક્ત જાન્યુઆરી અને ફેબ્રુઆરીની જ વાત કરીએ તો આ દિવસોમાં પેટ્રોલ ૬.૭૭ રૂપિયા મોંઘુ થઈ ગયું છે. નવા વર્ષમાં ડીઝલ ૦૭.૧૦ રૂપિયા પ્રતિ લિટર મોંઘુ થઈ ગયું છે. પેટ્રોલ અને ડીઝલની કિંમત દરરોજ સવારે છ કલાકે બદલાય છે. એટલે કે સવારે છ કલાકથી નવા દર લાગુ થઈ જાય છે. એક્સાઈઝ ડ્યૂટી, ડીલર કમીશન અને અન્ય ટેક્સ જોડ્યા બાદ પેટ્રોલ ડીઝલની કિંમત લગભગ બે ગણી થઈ જાય છે.

### કોરોનાગ્રસ્ત દર્દી સાંજે ૫ થી ૬ સુધી કરી શકશે મતદાન

# છ મહાનગરપાલિકા માટે આજે મતદાન: રાજકીય પાર્ટીઓ વચ્ચે ખરાખરીનો જંગ




અમદાવાદ,તા.૨૦

રાજ્યમાં છ મહાનગરપાલિકાના ચૂંટણીપ્રચારના પડઘમ શાંત થયા છે. ભાજપ, કોંગ્રેસ અને વિવિધ પક્ષોએ મતદારોને આકર્ષવા માટે દરેક ચૂંટણીદાવ અજમાવ્યા છે. રાજ્યમાં છ કોર્પોરેશનની ચૂંટણીમાં ૧૦ જેટલા રાજકીય પક્ષો મેદાનમાં છે, જેમાં ભાજપ, કોંગ્રેસ વચ્ચે સીધો જંગ છે. અન્ય પક્ષોમાં આમ આદમી પાર્ટી, એનસીપી, બીએસપી, જનતા દળ સેક્યુલર, સીપીઆઇ, એઆઈએમઆઈએમ સહિતના પક્ષો અને અપક્ષ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

## તમામ ચૂંટણી પ્રક્રિયાના સંચાલન માટે ૨૮,૧૬૧ પોલિંગ સ્ટાફ ફરજ પર તહેનાત
## ચૂંટણી તંત્ર દ્વારા ૪૮ વોર્ડમાં ૧૯૨ સીટ પર મતદાન માટે ૪૫૫૦ મતદાન મથકો તૈયાર કરાયા

રાજ્યમાં ૨૧ ફેબ્રુઆરીએ છ મહાનગરપાલિકામાં મતદાન પ્રક્રિયા હાથ ધરાશે, જેમાં કુલ ૧,૧૪ કરોડ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. રાજ્યમાં મહાનગરપાલિકાની ચૂંટણીમાં રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણીપ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે.

સવારથી અલગ-અલગ વોર્ડમાં ઈવીએમ મશીન મોકલી દેવામાં આવ્યા છે. ઈવીએમ મશીનને ચેક કરી અને એને ચુસ્ત પોલીસ-બંદોબસ્ત સાથે વોર્ડના મતદાન મથકો પર મોકલવામાં આવી રહ્યા છે. આજે રાતે ચુસ્ત પોલીસ-બંદોબસ્ત વચ્ચે ચૂંટણી તંત્ર દ્વારા શહેરમાં ૪૮ વોર્ડમાં ૧૯૨ સીટ પર મતદાન માટે ૪૫૫૦ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. સમગ્ર ચૂંટણીપ્રક્રિયાના વ્યવસ્થાપન ૧૬ રિટર્નિંગ ઓફિસર અને ૧૬ આસિસ્ટન્ટ રિટર્નિંગ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું છે.

આ તમામ ચૂંટણી પ્રક્રિયાના સુચારુ સંચાલન માટે ૨૮,૧૬૧ પોલિંગ સ્ટાફને ફરજ પર તહેનાત કરવામાં આવ્યા છે. આજે સવારે મોક કોલ બાદ ૭ વાગ્યાથી મતદાન શરૂ થશે. સાંજે મતદાન પૂરું થયા બાદ ઈવીએમ ગુજરાત કોલેજમાં સ્ટ્રોંગ રૂમમાં મૂકવામા આવશે. રાજયમાં ૨૧ ફેબ્રુઆરીએ છ મહાનગરપાલિકાઓમાં મતદાનની અને ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૧ના દિવસે મતગણતરી હાથ ધરવામાં આવશે. આજે રાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ઈવીએમ મશીન ૪૮ વોર્ડના ૪૫૦૦થી વધુ મતદાન મથકમાં રહેશે. આજે સાંજે ૬ વાગ્યે મતદાન પૂર્ણ થયા બાદ સ્ટ્રોંગ રૂમમાં ઈવીએમ રાખવામાં આવશે. ચૂંટણી તંત્ર દ્વારા ૪૮ વોર્ડમાં ૧૯૨ સીટ પર મતદાન માટે ૪૫૫૦ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયાના વ્યવસ્થાપન ૧૬ રીટર્નીંગ ઓફીસર અને ૧૬ આસીસ્ટન્ટ રીટર્નીંગ ઓફીસર દ્વારા કરવામાં આવ્યું છે

અને તેઓ દેખરેખ રાખશે. મતદાન માટે તંત્ર દ્વારા ઈવીએમ હેઠળ કુલ ૧૦,૯૨૦ બેલેટીંગ યુનિટ અને ૫૪૬૦ કંટ્રોલ યુનિટ કાર્યરત કરવામાં આવ્યા છે. આ તમામ ચૂંટણી પ્રક્રિયાના સુચારૂ સંચાલન માટે ૨૮૧૬૧ પોલીંગ સ્ટાફને ફરજ પર તહેનાત કરવામાં આવ્યા છે.

## દેશમાં કોરોનાના ૧૩,૯૯૩ના નવા કેસ નોંધાયા, ૧૦૧નાં મોત

ન્યુ દિલ્હી,તા.૨૦

દેશમાં કોરાના વાઈરસના ૧૧,૦૦૦થી સતત વધુ નવા કેસ નોંધાયા છે. જોકે દેશમાં નવા કેસો ઘણા સમયથી ૨૦,૦૦૦થી નીચે આવી રહ્યા છે. એ સાથે મૃતકોની સંખ્યામાં પણ ઘટાડો થઈ રહ્યો છે. દેશમાં કોવિડ-૧૯ના કુલ કેસોની સંખ્યા ૧.૦૯ કરોડને પાર પહોંચી છે. આરોગ્ય મંત્રાલયે જારી કરેલા આંકડા મુજબ પાછલા ૨૪ કલાકમાં ૧૩,૯૯૩ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૧ લોકોનાં મોત થયાં છે.

દેશમાં આ વાઈરસથી અત્યાર સુધી કુલ ૧,૦૯,૭૭,૩૮૭ લાખ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે અને અત્યાર સુધી ૧,૫૬,૨૧૨ લોકોનાં મોત થયાં છે. જોકે આ ખતરનાક બીમારીને ૧,૦૬,૭૮,૦૪૮ લોકો માત આપી ચૂક્યા છે.

## લાલ કિલ્લામાં હિંસાના આરોપી લક્ખા સિંહે વીડિયો દ્વારા દિલ્હી પોલીસને આપી ચેલેન્જ

)ન્યુ દિલ્હી,તા.૨૦

દિલ્હીમાં લાલ કિલ્લા હિંસામા માસ્ટર માઈન્ડ અને એક લાખ રૂપિયાના ઈનામી એવા પૂર્વ ગેંગસ્ટર લક્ખા સિંહ સિધાનાએ ફરી એકવાર ઉશ્કેરણીજનક વીડિયો શેર કર્યો છે. લક્ખાએ પોલીસને ખુલી ચેતવણી આપતા ૨૩મી ફેબ્રુઆરીએ વધુ એક પ્રદર્શનની જાહેરાત કરી છે. આ પ્રદર્શન ભઠિંડામાં કરવાની તેને ચેલેન્જ આપી છે વીડિયો દ્વારા તેણે આ પ્રદર્શનમાં પંજાબના વધુમાં વધુ યુવાઓને શામેલ થવા હાકલ કરી છે. લક્ખા સિંહ ૨૫ દિવસથી દિલ્હી પોલીસની સંતાઈને ભાગતો ફરે છે. તેના પર દિલ્હી પોલીસે એક લાખ રૂપિયાનું ઈનામ પણ જાહેર કર્યું છે. પોતાના ફેસબુક પર તેને એક વીડિયો પણ અપલોડ કર્યો છે. આ વીડિયોમાં તે પંજાબના લોકો અને યુવાઓને રીતસરનો ઉશ્કેરી રહ્યો છે. વીડિયો કોઈ ટેંટની અંદર અને રાતના સમયે બનાવવામાં આવ્યો છે. ટેંટમાં અનેક લોકો ધાબળા ઓઢીને ઉંઘી રહ્યા હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. વીડિયોમાં લક્ખા કહે છે કે, ૨૩ ફેબ્રુઆરીએ મોટી સંખ્યામાં લાખો લોકો પહોંચવા જોઈએ. ભઠીંડા જીલ્લાના મેજરાજા પિંડ (ગામ) માં આવો, અહીં જ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું છે. આઓ મારા ભાઈઓ. મોટી સંખ્યામાં પ્રયાસ કરો જેથી કરીને ખબર પડે કે આપણે ખેડૂત આંદોલનની સાથે છીએ. પંજાબના ભઠિંડાના રહેવાસી લક્ઝા સિધાના ૨૬ નવેમ્બર, ૨૦૨૦થી જ સિંધુ બોર્ડર પર પ્રદર્શાનમાં શામેલ છે. સિધાના પર પંજાબમાં અનેક કેસ દાખલ છે અને તે અનેકવાર જેલમાં જઈ ચુક્યો છે. સિધાનાએ દાવો કર્યો હતો કે, તેણે અપરાધની દુનિયા છોડી દીધી છે.

હવે તે સામાજીક કાર્યોમાં જોડાયો છે. તેણે વર્ષ ૨૦૧૨માં પીપલ્સ પાર્ટી ઓફ પંજાબના ચૂંટણી નિશાન પર વિધાનસભાની ચૂંટણી પણ લડી હતી. જોકે હવે આ પાર્ટી જ અસ્તિત્વમાં નથી. દિલ્હી પોલીસના જણાવ્યા પ્રમાણે ક્રાઈમ બ્રાંચ અને સ્પેશિયલ સેલની છ ટીમ લક્ખા સિંહની શોધખોળ કરી રહી છે. તેના માટે ૬ સપ્તાહ પહેલા ઈનામની જાહેરાત કરવામાં આવી હતી. માનવામાં આવે છે કે, તે સિંધુ બોર્ડર પર પ્રદર્શનકારીઓ વચ્ચે છુપાયેલો છે. ગત સપ્તાહે તે ટિકરી બોર્ડરના એક વીડિયોમાં દેખાયો હતો, પરંતુ સૂત્રોનું કહેવું છે કે, જાણી જોઈને આ વેડિયોમાં નજરે પડ્યો હતો જેથી કરીને તે પોલીસને ગેરમાર્ગે દોરી શકે.

## કોરોના ઈફેક્ટ: અમેરિકા, કેનેડા અને મેક્સિકોએ ૨૧ માર્ચ સુધી પ્રતિબંધો લંબાવ્યા



વોશિંગ્ટન,તા.૨૦

ફોટો અર્જેન્ટિનાનો છે. અહીં, આરોગ્ય મંત્રાલયના સચિવ કારેલા વિઝોટ્ટી ઘરે-ઘરે જઈને કોરોનાનાં લક્ષણો વિશે માહિતી મેળવી રહ્યા છે. વેક્સિનેશનની વચ્ચે દુનિયાના અનેક દેશોમાં ફરી એક વખત કોરોનાના દર્દીઓ વધવાની ગતિ ઝડપી થઈ રહી છે. જેને ધ્યાનમાં રાખતા અમેરિકા, કેનેડા અને મેક્સિકોએ દેશમાં ૨૧ માર્ચ સુધી પ્રતિબંધોને લંબાવી દીધા છે. જે અનુસાર, અહીં રહેતા લોકો જરૂરી કામ સિવાય ટ્રાવેલ નહીં કરી શકે. લોકોએ પોતાના પ્રવાસનું કારણ ફરજિયાત જણાવવું પડશે.

અત્યાર સુધી તે પ્રતિબંધો ૨૧ ફેબ્રુઆરી સુધી જ લગાવાયા હતા. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને જાહેરાત કરી છે કે જુલાઇ સુધી દર અમેરિકને વેક્સિન મૂકવવી પડશે. તેમણે કહ્યું હતું કે સરકાર આ માટે પૂરી રીતે તૈયાર છે. આ બાબતે ફાઇઝરે કહ્યું હતું કે તે દર સપ્તાહે અમેરિકાને એક કરોડ ડોઝ આપવા માટે તૈયાર છે. અમેરિકામાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૫.૭૦ કરોડથી વધુ લોકોને વેક્સિન આપવામાં આવી ચૂકી છે. બીજા નંબર પર ચીન છે, જ્યાં ૪ કરોડ લોકો સુધી વેક્સિન પહોંચી ચૂકી છે. યૂરોપિયન યૂનિયનમાં અત્યાર સુધીમાં ૨.૪૫ કરોસ અને ભારતમાં ૧.૦૪ કરોડ લોકોને વેક્સિન લગાવવામાં આવી છે. સમગ્ર દુનિયામાં અત્યાર સુધીમાં ૧૧ કરોડ ૧૨ લાખથી વધુ લોકો સંક્રમણની ઝપેટમાં આવી ચૂક્યા છે.

### વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની છઠ્ઠી બેઠક

## વડાપ્રધાન મોદીએ કહ્યું- દેશનો મૂડ શું છે તેની જાણ થઈ ગઈ છે

ન્યુ દિલ્હી,તા.૨૦



વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની છઠ્ઠી બેઠક વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી થઈ હતી. ભારતમાં વેપાર કરવાનું સરળ બનાવવા (ઇઝ ઓફ ડુઈંગ) અને આર્થિક વિકાસને વેગ આપવા માટે કેન્દ્ર-રાજયોએ એકસાથે મળીને કામ કરવાની જરૂર છે. ખાનગી ક્ષેત્રને આત્મનિર્ભર ભારત કાર્યક્રમનો હિસ્સો બનવા માટે પૂરતી તક અપાવવી જોઈએ, એમ વડા પ્રધાને કહ્યું હતું. કેન્દ્રીય બજેટની સકારાત્મક પ્રતિક્રિયા ‘મૂડ ઓફ ધ નેશન’ જણાવે છે કે દેશ ઝડપથી વિકાસ કરી રહ્યો છે, એમ તેમણે કહ્યું હતું. કૃષિ ક્ષેત્રનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે ખાદ્ય તેલ જેવી કૃષિ ચીજવસ્તુઓના ઉત્પાદન અને એની આયાત ઘટાડવા માટે પ્રયાસ કરવા જોઈએ, જેથી ખેડૂતોને લાભ થાય.કૃષિપ્રધાન દેશ હોવા છતાં રૂ. ૬૫,૦૦૦-૭૦૦૦૦ કરોડના ખાદ્ય તેલની આયાત બહારથી કરવી પડે છે. આપણે આ બંધ કરી શકીએ છીએ અને આ ખેડૂતોના ખાતામાં નાણાં જઈ શકે છે. આ પૈસાના હકદાર ખેડૂતો છે, પણ આના માટે ખેડૂતોને માર્ગદર્શન આપવું જરૂરી છે, એમ તેમણે કહ્યું હતું. છેલ્લાં કેટલાંક વર્ષોમાં બેંક ખાતા ખોલવામાં, રસીકરણ અને આરોગ્યની સુવિધામાં વધારો, મફત વીજ જોડાણ અને મફત ગેસ કનેક્શનથી ગરીબોના જીવનમાં અભૂતપૂર્વ પરિવર્તન જોવા મળ્યું છે. કોરોના કાળમાં રાજ્ય અને કેન્દ્ર સરકારે સાથે મળીને કામ કર્યું, જેનાથી દેશ સફળ થયો. ભારતના વિકાસનો પાયો એ છે કે કેન્દ્ર અને રાજ્યો એકસાથે કામ કરી રહ્યાં છે. અને કોઓપરેટિવ ફેડરલિઝમને વધુ સક્ષમ બનાવે છે. આપણે માત્ર રાજ્યો નહીં, પણ જિલ્લામાં પણ પ્રતિસ્પર્ધી, કોઓપરેટિવ ફેડરલિઝમ લાવવાના પ્રયાસ કરવા પડશે, એમ તેમણે કહ્યું હતું. બેઠક સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યું કે જયારે દેશ પોતાની આઝાદીના ૭૫ વર્ષ પુરા કરવા જઈ રહ્યો છે ત્યારે ગવર્નિંગ કાઉન્સિલની બેઠક વધુ મહત્વપૂર્ણ થઇ ગઈ છે. હું રાજ્યોને આગ્રહ કરું છુ કે આઝાદીના ૭૫ વર્ષ માટે પોત-પોતાના રાજ્યમાં સમાજના તમામ લોકોને જોડી સમિતીયોનુ નિર્માણ થાય.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા:૨૫૮**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૬૬૮૨૧**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**લોકોનાં મૃત્યુ: ૦૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૭૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૬૦૮૪૫**

## તંત્રી સ્થાનેથી...

### ભારત કોરોના રસી માટે વિશ્વમાં છવાયું ત્યારે દેશમાં મંદ ગતીએ કેસો વધવા તરફ......!

વિશ્વભરમાં ભારતની કોરોના વેક્સિને અદકેરુ સ્થાન પ્રાપ્ત કરી લીધું છે અને લોકોમાં ભારે પ્રશંસા પામતા વિશ્વના ૫૦ જેટલા દેશોએ ભારત પાસે કોરોના વેક્સિનની માગ કરતા ભારત આ દેશોને રસી મોકલવા માટે તૈયાર કરી લીધી છે.વિશ્વભરમા રસી આપવામાં ભારત બીજા ક્રમે પહોંચી ગયું છે જ્યારે અમેરિકા પ્રથમ ક્રમે છે. દેશભરમાં કોરોના મંદ ગતિએ વધવાની શરૂઆત મહારાષ્ટ્ર રાજ્યથી થઈ ગઈ છે. જે ગુજરાતમાં વલસાડ જીલ્લામા પ્રવેશ ન કરે તે માટે તંત્રએ તાકીદના જરૂરી તમામ પગલાં ભર્યા છે. દેશભરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩,૯૭૩ નવા કેસ સામે આવ્યા છે અને કુલ કેસોનો આંક ૧,૦૯,૭૭,૩૮૭ પર પહોંચી ગયો છે. તો કોરોનામાંથી સાજા થઈ જનારાની સંખ્યા ૧,૦૬,૭૮,૦૪૮ થઈ છે. અને સારવાર હેઠળ ૧,૪૩,૧૨૭ દર્દીઓ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૧ કોરોના દર્દીઓ મૃત્યુ થતા કુલ મૃતાક ૧,૫૬,૨૧૨ થયો છે. આ સમયે મહારાષ્ટ્ર રાજ્યમાં ત્રણેક ધારાસભ્યો કોરોના પોઝિટિવ થવા સાથે ૫ હજાર લોકો કોરાનાની ચપેટમાં આવી જતા બીજો રાઉન્ડ શરૂ થવા જઇ રહ્યો હોય તેવી સ્થિતી રાજ્યભરમાં બનીને રહી છે. અને તેને કારણે સરકાર સાવચેત થઈ ગઈ છે. અમરાવતી, યવતમાલ, આકોલામાં સૌથી વધુ કેસો મળીને સમગ્ર મહારાષ્ટ્રમાં કોરોના કેસો ૫૦૦૦ થી આગળ વધી ગયા છે.

જ્યારે મુંબઈમાં કોરોના કેસોમાં વધારો થઈ જતા ત્યાં મ્યુ.કોર્પોરેશન પણ આકરા પગલા લઇ રહી છે. સમગ્ર મહારાષ્ટ્રમાં ૫૦૦૦ જેવા કેસો નોધાતા ત્યાંની સરકારે અમરાવતીમાં શનિવાર સાજથી કર્ફ્યુ નાખી દીધો છે જે સોમવાર સવાર સુધી અમલમાં રહેશે. મુંબઈમાં ૮૨૩ નવા કેસ નોંધાયા છે અને ૫ વ્યક્તિના મૃત્યુ થયા છે ત્યારે મુબઈ કોર્પોરેશન તંત્રએ દોડતું થઇ ગયું છે અને મુંબઈ શહેરની શાળા કોલેજો ખોલવાની હતી તે નહીં ખુલે તેવી સ્થિતિ બની રહી છે તે સાથે તંત્રએ કડક નિયંત્રણો લાદી દીધા છે અને નિયમો પણ જાહેર કરી દીધા છે જેમાં મુંબઈમાં હોમ ક્વોરન્ટાઈન કરેલ કોઈપણ વ્યક્તિ બહાર નીકળશે તો તેની સામે એફઆઈઆર નોધીને તે વ્યક્તિને નક્કી કરેલ ક્વોરેન્ટાઈન સેન્ટરમાં દાખલ કરી દેવામાં આવશે, તેમજ નિયમ ભંગ કરનારને ૬ માસની સજા અને દંડ કરવામાં આવશે. તથા જે બિલ્ડિંગમાં ૫ વ્યક્તિ કોરોના પોઝીટીવ મળી આવશે કે હશે તો તે સમગ્ર બિલ્ડિંગ સીલ કરી દેવામા આવશે અને તેઓને ખાવા સહિતની વ્યવસ્થા કરવામાં આવશે. દરમ્યાન ચેમ્બુરમા કોરોના ટેસ્ટિંગ હાથ ધરતા ચાર બિલ્ડીંગ સીલ કરી દેવામા આવ્યા છે.હવે બોરીવલીમાં મેડીકલ તપાસ શરૂ થનાર છે. મહારાષ્ટ્રના અમરાવતી,વર્ધામા શાળા-કોલેજો પર પાબંધી ફરમાવી દેવામા આવી છે.

ગુજરાતમાં રાજ્ય સરકારે મહારાષ્ટ્રના અમરાવતીમાં ફેલાયેલ કોરોના વલસાડ જીલ્લામા પ્રવેશી ન જાય તે માટે તંત્રએ વલસાડ આવતા પ્રવાસીઓનુ સ્કેનીંગ અને ટેસ્ટીગ ફરજીયાત કરી નાખ્યું છે કારણ અમરાવતી સાથે વલસાડ જીલ્લો વધુ સંપર્કમાં રહે છે.બીજી તરફ ગુજરાતના ડીસાના રામસમની એક શાળામાં ૯ વિદ્યાર્થી અને ૨ શિક્ષકધ કોરોના પોઝિટિવ મળી આવતા ખળભળાટ વ્યાપી ગયો છે.તો અમદાવાદની થલતેજની એક શાળામાં પણ વિદ્યાર્થીઓ સહિત ૧૭ કોરોના ની ચપેટમાં આવી આવી જતાં સારવાર હેઠળ છે.આવા સમયમા સારા સમાચાર એ છે કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી કોરાનાની ચપેટમાં આવી આવી ગયેલ અને હોસ્પિટલમાં ઈઝ કરવામાં આવેલ તેઓની સઘન સારવારને કારણે તેમની તબિયત સુધારા પર છે અને કદાચ શનિવારે રજા આપી દે તો તેઓ રાજકોટ કોરોના કિટ પહેરીને મતદાન કરવાના છે જ્યારે બીજી તરફ નર્મદા જિલ્લામાં કોરોના દર્દીઓને મતદાન કરવા માટે કિટ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે એટલે કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમા કોરોના દર્દીઓ મતદાન કરી શકે તે માટે ચૂંટણી તંત્રએ વ્યવસ્થિત આયોજન કર્યું છે.....!

### મંગળ ગ્રહ પર નાસાના રોવર લેન્ડિંગની વચ્ચે ઈસરોનું મોટું એલાન

# ભારતની મંગલયાન -૨ ‘રેડ પ્લેનેટ’ માટે ‘ઓર્બિટર’ હોવાની સંભાવના



ન્યુ દિલ્હી,તા.૨૦

વહેલી સવારે યુએસ સ્પેસ એજન્સી નાસાના રોવર ‘પર્સિવરન્સ’ સફળતાપૂર્વક મંગળની સપાટી પર ઉતર્યા પછી ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) ના વડા. સિવને મોડી સાંજે કહ્યું કે ભારતની મંગલયાન -૨ ‘રેડ પ્લેનેટ’ માટે ‘ઓર્બિટર’ હોવાની સંભાવના છે. ઈસરોના વડાએ મંગલયાન -૨ માટે કોઈ ચોક્કસ સમયમર્યાદાનો ઉલ્લેખ કર્યો નથી. જો કે, તેમણે કહ્યું હતું કે ભારતીય અવકાશ એજન્સીનું મંગળ પરનું આગામી મિશન ચંદ્રયાન -૩ પછી મોકલવામાં આવશે. ચંદ્રયાન -૩ દ્વારા ઈસરોનો ઉદ્દેશ પૃથ્વીના ઉપગ્રહ ચંદ્ર પર રોવર ઉતરવાનો છે, પરંતુ કોરોના વાયરસના રોગચાળાને કારણે લોકડાઉન લાગુ કરવામાં આવ્યું હોવાથી તે મોડું થઈ ગયું છે અને ૨૦૨૨માં રવાના થવાની સંભાવના છે. સિવને કહ્યું કે મંગળની સપાટી પર ઉતરવું વધુ મુશ્કેલ છે. ચંદ્રયાન -૩ બીજા ગ્રહ પર રોવર ઉતરવાની ઈસરોની ક્ષમતા પ્રદર્શિત કરશે. ઈસરોએ તેની સફળ મંગળ ઓર્બિટર મિશન (મંગલ્યાન), મંગળ ઓર્બિટર મિશન -૨ માટેની તેની આગામી યોજનાની ઘોષણા કરી છે.

તદનુસાર, હવે તે ભાવિ પ્રક્ષેપણની તકો શોધવા માટે મંગળ પર ઓર્બિટર મિશન મોકલવાની યોજના ધરાવે છે. શિવાને કહ્યું કે મંગલ્યાન -૧ હજી પણ સારું કામ કરે છે અને ડેટા મોકલવા છે. તેમણે કહ્યું કે ઈસરોએ વૈજ્ઞાનિકોને સંભવિત પ્રયોગો માટે સૂચનો આપવા જણાવ્યું છે અને તે મેળવવા માટેની પ્રક્રિયામાં છે. સિવને કહ્યું કે, સૂચન મળ્યા પછી, અમે એક પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરીશું અને (એક નિષ્ણાત) સમિતિમાં તેની ચર્ચા કરીશું. ત્યારબાદ આપણે સ્પેસ કમિશનમાં જઈશું. મહત્ત્વની વાત છે કે સ્પેસ કમિશન એ સ્પેસ સંબંધિત પ્રવૃત્તિઓ અંગે નીતિપૂર્ણ નિર્ણય લેવા માટેનું સર્વોચ્ચ મંડળ છે. મંગલ્યાન -૨ રોવર અથવા ઓર્બિટર હશે કે કેમ તે અંગેના સવાલ પર સિવનએ કહ્યું, અમે હમણાં ઓર્બિટર મિશન વિશે વિચારી રહ્યા છીએ. તેમણે કહ્યું, મંગલ્યાન -૨ એકમાત્ર ઓર્બિટર મિશન હશે. મંગલયાન -૧ નવેમ્બર ૨૦૧૩ માં મોકલવામાં આવ્યું હતું અને સપ્ટેમ્બર ૨૦૧૪ માં મંગળની કક્ષામાં પ્રવેશ્યું હતું. તે છ મહિના સુધી ચાલવા માટે બનાવવામાં આવ્યું હતું, પરંતુ તે હજી સાતમા વર્ષમાં સેવા આપી રહ્યું છે.

મંગલયાન -૨ ના દ્વારા હજારો ફોટોગ્રાફ્સ મોકલવામાં આવ્યા છે. ઈસરોના અન્ય મોટા પ્રોજેક્ટ પણ કતારમાં છે. મંગલ્યાનની સફળતા બાદ ઈસરોએ શુક્ર ગ્રહ પર પણ એક અભિયાન મોકલવાનો નિર્ણય લીધો છે. જોકે, ઈસરોની તાત્કાલિક પ્રાધાન્યતા ચંદ્રયાન -૩ અને ગગનયાન છે. કોરોના વાયરસ રોગચાળાને કારણે લાગુ થયેલા લોકડાઉનને કારણે આ બંને પ્રોજેક્ટમાં વિલંબ થયો છે. ચંદ્રયાન -૩ હેઠળ ઈસરો ફરી એકવાર ચંદ્ર સપાટી પર રોવર ઉતારશે. આ અભિયાન આ વર્ષના અંતમાં મોકલવામાં આવશે. ચંદ્રયાન -૨ ભારતની અપેક્ષાઓ પર પૂર્ણ ઊતર્યું નથી.

# સુપ્રીમ કોર્ટનો આરબીઆઈને આદેશ: બેંક લોકર પર ૬ મહિનામાં બનાવો નિયમો

ન્યુ દિલ્હી,તા.૨૦

સુપ્રીમ કોર્ટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને બેંકોમાં લોકર સુવિધા વ્યવસ્થાપન અંગે ૬ મહિનામાં નિયમો બનાવવા જણાવ્યું છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે બેક્રો તેમના ગ્રાહકોને બેંક લોકર સેવાથી દૂર કરી શકશે નહીં. જસ્ટિસ એમ.એમ. શાંતાનાગૌડર અને જસ્ટિસ વિનીત સરનની ખંડપીઠે કહ્યું કે વૈશ્વિકરણની સાથે સામાન્ય લોકોના જીવનમાં બેક્કિંગ સંસ્થાઓની ભૂમિકા મહત્વપૂર્ણ બની ગઈ છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે લોકો ઘરો પર રોકડ, ઘરેણાં વગેરે રાખવા અંગે અનિચ્છા બતાવે છે, કારણ કે આપણે ધીમે-ધીમે કેશલેસ અર્થવ્યવસ્થા તરફ આગળ વધી રહ્યા છીએ. તેથી, બેંકો દ્વારા પ્રદાન થયેલ લોકર એક આવશ્યક સેવા બની ગઈ છે. આ પ્રકારની સેવાઓનો લાભ નાગરિકો તેમજ વિદેશી નાગરિકો મેળવી શકે છે. તેમ છતાં ઈલેક્ટ્રોનિક સંચાલિત લોકર માટે એક વિકલ્પ છે, પરંતુ અમુક લોકો તેમાં ગડબડ પેદા કરી શકે છે.

જો લોકો તકનીકી રીતે જાણકાર ન હોય તો આવા લોકરનું સંચાલન પણ તેમના માટે મુશ્કેલ છે. ખંડપીઠે કહ્યું કે ગ્રાહકો સંપૂર્ણપણે બેંક પર નિર્ભર છે, જે તેમની સંપત્તિને સુરક્ષિત રાખવા માટે ખૂબ જ સક્ષમ છે. આવી સ્થિતિમાં બેંકો આ બાબતે પીછેહઠ કરી શકશે નહીં અને દાવો કરી શકે છે કે તેમના ગ્રાહકોને લોકર ચલાવવાની તેમની કોઈ જવાબદારી નથી. બેંકો દ્વારા આ પ્રકારની કાર્યવાહી માત્ર ગ્રાહક સુરક્ષા કાયદાની સંબંધિત જોગવાઈઓનું ઉલ્લંઘન નથી, પરંતુ રોકાણકારોના વિશ્વાસ અને ઉભરતા અર્થતંત્ર તરીકેની અમારી વિશ્વસનીયતાને પણ નુકસાન પહોંચાડે છે. કોર્ટે કહ્યું, ×જરૂરી છે કે આરબીઆઈ એક વ્યાપક ડાયરેક્શન લાવે, જે લોકરના સંદર્ભમાં બેક્રોએ કયા પગલા ભરવા જોઈએ તેનો આદેશ આપે.

બેંકોને ગ્રાહકો પર એકપક્ષી અને અયોગ્ય શરતો લાદવાની સ્વતંત્રતા હોવી જોઈએ નહીં. તેને ધ્યાનમાં રાખીને અમે આરબીઆઈને આ આદેશના ૬ મહિનામાં આ સંદર્ભમાં યોગ્ય નિયમો બનાવવા સૂચના આપીએ છીએ. સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય કોલકાતાના અમિતાભ દાસગુપ્તાની અપીલ પર લેવાયો છે. રાષ્ટ્રીય ગ્રાહક વિવાદ નિવારણ આયોગના આદેશ સામે દાસગુપ્તાએ અપીલ નોંધાવી હતી. તેણે ડિસ્ટ્રિક્ટ કન્ઝ્યુમર ફોરમ સમક્ષ અરજી કરી હતી, જેથી યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયાને લોકરમાં રાખેલા ઝવેરાત પરત આપવા અથવા તેની કિંમત અને નુકસાનના બદલામાં વળતર રૂપે ૩ લાખ ચૂકવવા વિનંતી કરી હતી. રાષ્ટ્રીય ઉપભોક્તા વિવાદ સમાધાન પંચે રાજ્ય કમિશનના આદેશને સ્વીકાર્યો કે લોકરમાં રાખેલા માલની પુનઃપ્રાપ્તિના સંદર્ભમાં ગ્રાહક મંચનો અધિકારક્ષેત્ર મર્યાદિત છે.

# લાલ કિલ્લા પર થયેલી હિંસામાં પોલીસે જાહેર કરી ૨૦૦ લોકોની તસવીરો

ન્યુ દિલ્હી,તા.૨૦

દિલ્હીમાં રિપબ્લિક ડે પર ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમયાન લાલ કિલ્લા પર થયેલી હિંસામાં દિલ્હી પોલીસે કથિત ૨૦૦ લોકોની તસવીરો જાહેર કરી છે. પોલીસે વીડિયો સ્કેન કરી અને લોકોના ફોટા બહાર પાડ્યા છે જેમાં લોકોની ઓળખ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.દિલ્હી પોલીસે લાલ કિલ્લા પર પ્રદર્શન કરનાર મનિન્દર સિંહની ધરપકડ કરી હતી.લાલ કિલ્લા પર એક પ્રદર્શનના વાયરલ થયેલા વીડિયોમાં મનિન્દર સિંહ તલવાર લહેરાવતા જોવા જોવા મલ્યો હતો ૨૬ જાન્યુઆરીએ, હજારો વિરોધ કરનારા ખેડુતો નુકશાન કર્યુ હતું આ દરમયાન આઈટીઓ સહિત અન્ય સ્થળોએ પોલીસ કર્મચારીઓ સાથે ઘર્ષણ થયું હતું. આ હિંસા દરમિયાન ૫૦૦ થી વધુ પોલીસ જવાન ઘાયલ થયા હતા .વિરોધીઓએ પોલીસના અનેક વાહનોને પણ નુકસાન પહોંચાડ્યું હતું.

# ગાયે દુકાન પર રાખેલું પપૈયુ ખાતા દુકાનદારે ગાયનું પેટ ચીરી નાખ્યું

મુંબઈ,તા.૨૦

મહારાષ્ટ્રના રાયગઢથી એક આશ્ચર્યજનક કિસ્સો બહાર આવ્યો છે. ફ્રુટ વેચનારા વિસ્તારમાં દુકાનમાં રાખેલા પપૈયા ખાધા હોવાના કારણે તૌફીક બશીર મુજાવર નામના એક વ્યક્તિએગાયના પેટમાં છરી મારી હતી. આ બનાવમાં જ્યારે આરોપી તેની દુકાન પર બેઠો હતો અને ત્યારબાદ ભૂખથી તડપતી ગાયે આવીને તેની દુકાનમાંથી પપૈયા ખાઇ લીધું હતુ. આ જોઈને બશીર ગુસ્સાથી ભરાઈ ગયો અને તેણે છરી વડે તેનું પેટ કાપી નાખ્યું. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે ગાયે પપૈયું ખાધા બાદ બશીર ગુસ્સામાં આવી ગયો હતો.

આ ગુસ્સામાં તે અંદર આવી ગયો અને છરી લઈને આવ્યો. અને ત્યારબાદ ગાયનું પેટ કાપીને તેણે પપૈયુ કાઢી લીધુ અને પાછો તેની દુકાન પર જઈને બેઠો. ગાયનું વહેતું લોહી જોઈને નજીકના લોકો તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યાં હજી તેની સારવાર કરવામાં આવી રહી છે. ગાયના માલિક તરફથી બશીર મુજાવર વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવામાં આવી છે,

જેના આધારે પોલીસે બશીરની ધરપકડ કરી કોર્ટમાં કાર્યવાહી કરી હતી.

કોર્ટે કેસ સાંભળ્યા બાદ આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધો હતો. બશીરના આ કૃત્યથી દરેક વ્યક્તિ ચોંકી ગયા હતા. ગાયની હાલત હજુ નાજુક રહે છે અને ડૉકટરોના જણાવ્યા મુજબ તેને ગાયને દુખાવો ઓછો કરવા માટે ઈન્જેક્શન આપવામાં આવ્યા છે.

### પશ્ચિમ બંગાળમાં રાજકીય હિંસાના આક્ષેપો, ચૂંટણી પહેલા સીઆરપીએફની તૈનાતી

કોલકાતા,તા.૨૦

કોલકાતા પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે ૨૫ ફેબ્રુઆરી સુધીમાં રાજયમાં સીઆરપીએફ ટીમને તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. જેમાંથી સીઆરપીએફની બાર ટીમ આજે કોલકાતા પહોંચશે. સીએપીએફની ટીમને પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા મોકલવામાં આવી છે.

ચૂંટણી પંચે શુક્રવારે પશ્ચિમ બંગાળમાં ૨૪,૦૦૦ મતદાન અધિકારીઓને તાલીમ આપવાનું શરૂ કરવામાં આવ્યુ હતું. પશ્ચિમ બંગાળની ૨૯૪ સભ્યોની વિધાનસભાની ચૂંટણીઓ એપ્રિલ-મેમાં યોજાવાની છે. પશ્ચિમ બંગાળમાં રાજકીય હિંસા અંગે રાજકીય પક્ષો વચ્ચે આક્ષેપો થયા છે. જેથી આવી સ્થિતિમાં ચૂંટણી પંચ સીક્યુરીટી તૈનાત કરવાનો નિર્ણય લીધો છે.

# મંગળ પર યાને સેલ્ફી લીધી: રોવરે મંગળ પરથી પ્રથમ રંગીન ફોટો અને સેલ્ફી મોકલી



વોશિંગ્ટન,તા.૨૦

અમેરિકન સ્પેસ એજન્સી નાસાના પર્સીવરેંસ માર્સ રોવરએ મંગળ ગ્રહ પરથી વિશ્વ માટે પ્રથમ રંગીન ફોટો અને પોતાની સેલ્ફી મોકલી છે. શુક્રવારે મોડી રાત્રે નાસાએ સોશિયલ મીડિયા દ્વારા આખી દુનિયા સાથે શેર કર્યું હતું. એટલું જ નહીં, પ્રથમ વખત કોઈ બીજા ગ્રહ પરગયેલા હેલિકોપ્ટરે પણ તેનો પ્રથમ રિપોર્ટ નાસાને મોકલ્યો છે. આમાં, હેલિકોપ્ટરએ જણાવ્યું છે કે તેના ઉતરાણ પછી ત્યાં બધું જ બરાબર છે. રિપોર્ટમાં મંગળ ગ્રહના તાપમાન વિશે પણ જાણકારી આપવામાં આવી છે. જેમાં રાત્રિનું તાપમાન માઈનસ ૯૦ ડિગ્રી સેલ્સિયસ જણાવવામાં આવ્યું છે. પર્સીવરેંસ રોવરે જઝીરો નામે એક ૮૨૦ ફૂટ ઊંડા ક્રેટર પર લેંડિંગ કર્યું હતું. સાથે જ પોતાની પ્રથમ સેલ્ફી દુનિસા સાથે શેર કરી હતી. પર્સીવરેંસ રોવરના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર મંગળનો ફોટો અને તેની સેલ્ફી શેર કરવામાં આવ્યો છે. તેમાં લખવામાં આવ્યું છે, ‘હેલો વર્લ્ડ, મારા કાયમ માટેના ઘરથી મારો પહેલો દેખાવ‘. એક બીજી પોસ્ટમાં લખવામાં આવ્યું છે, ‘એક બીજું દ્રશ્ય મારી પાછળ દેખાઈ રહ્યું છે. સ્વાગત છે જેઝેરોમાં‘. પર્સીવરેંસ માર્સ રોવર મંગળ પર જીવનની શોધમાં ઉતારવામાં આવ્યું હતું. ભારતીય સમય મુજબ ગુરુવાર અને શુક્રવારે રાત્રે લગભગ બે વાગ્યે, મંગળની સૌથી ખતરનાક સપાટી જાઝીરો ક્રેટર પર લેંન્ડિંગ કર્યું હતું. તેની સપાટી પર ક્યારેક પાણી રહ્યા કરતું હતું. નાસાએ દાવો કર્યો છે કે તે અત્યાર સુધીના ઈતિહાસમાં મંગળ પર રોવરની સૌથી સચોટ ઉતરાણ છે. પર્સીવરેંસ રોવર રેડ પ્લેનેટમાંથી ખડકોના નમૂનાઓ પણ લઈને આવશે. ૬ પૈડાંવાળા રોબોટે સાત મહિનામાં ૪૭ કરોડ કિલોમીટરની મુસાફરી પૂર્ણ કરી અને ઝડપથી તેના લક્ષ્ય સુધી પહોંચી ગયું. છેલ્લી સાત મિનિટ ખૂબ જ મુશ્કેલ અને જોખમી હતી. તે સમાટે તે ફક્ત૭ મિનિટમાં ૧૨ હજાર માઈલ પ્રતિ કલાકથી ૦ની ઝડપે આવ્યું.

### પીડિત પરિવારની માંગ

# ઉન્નાવ કાંડ: આરોપીઓને ફાંસી આપો અથવા કરો એક્રાઉન્ટર

લખનઉ,તા.૨૦

ઉત્તર પ્રદેશના ઉન્નાવમાં બે સગીર વયની દલિત યુવતીઓની હત્યાના કેસમાં સામેલ બે આરોપીઓની ધરપકડ કરાઈ છે. પોલીસનું કહેવું છે કે એક તરફી પ્રેમ સંબંધને કારણે હત્યા કરાઇ હતી. આરોપીઓમાં એકનું નામ વિનય કુમાર છે જ્યારે બીજો સગીર વયનો હોવાથી નામ જાહેર નથી કરાયું. ઉન્નાવ કાંડમાં પોલીસે ખુલાસો કર્યા બાદ પીડિતાના પરિવારે દોષિતોને ફાંસીની સજા આપવાની માંગ કરી છે. પીડિતાના પરિવારે ખુલાસાને સાચો બતાવતા કહ્યું કે, કાં તો પકડવામાં આવેલા આરોપીઓને ફાંસી પર ચડાવો અથવા તેનું એક્રાઉન્ટર કરવામાં આવે. મૃતક સગીરાની માતાએ કહ્યું કે, જેમ અમારી દિકરી તડપી-તડપીને મરી છે તેવી જ રીતે આ ગુનેગારોને સજા આપવામાં આવે. ફાંસી આપો તેમને, જેવી રીતે અમારી દિકરી તડપી છે તેવી જ રીતે આ આરોપીઓને પણ મારજો. અમારે અમારી આંખેથી જોવું છે જેટલા મળે એટલાને સજા આપજો. જેટલા લોકો છે એટલા ને ફાંસી આપો.

ઉન્નાવ કાંડમાં બીજી મૃતક સગીરાના પિતાએ કહ્યું કે, આ ખુલાસાથી અમે સંતુષ્ટ છીએ. પોલીસે અને બધાએ અમારી મદદ કરી. અમને સંતુષ્ટી ત્યારે જ થશે જ્યારે આરોપીઓનું એક્રાઉન્ટર કરવામાં આવે અથવા તેમને ફાંસી આપવામાં આવે. અમારું કહેવું છે કે, આરોપીઓની પુછપરછ કરવામાં આવે જેથી વધુ લોકો સામે આવે. તેમની પાસે કબુલ કરાવવામાં આવે, તેમને ફાંસી આપવામાં આવે અને તેને પુછવામાં આવે કે કેટલા લોકો તેમની સાથે હતા અને કેટલી છોકરીઓ સાથે આવું કર્યું છે. હજી વધુ લોકો નિકળશે. ઉન્નાવ કાંડમાં પીડીત છોકરીના ભાઈએ કહ્યું કે, જેવી રીતે મારી બહેન સાથે ચીરફાડ થઈ છે. તેનાથી પણ ખરાબ હાલતમાં તેમનું એનકાઉન્ટર કરવામાં આવે. ફાંસી આપવામાં આવે. આ આરોપી છે તેના સીવાય બીજું કોઈ નથી. તેમને જલ્દી ફાંસી આપવામાં આવે જે અમારી બહેન સાથે ચીરફાડ થઈ છે તેનાથી પણ ખરાબ હાલત આરોપીઓની કરવામાં આવે. તેમને પુછવામાં આવે જેમાં તેના વધુ પ્રેમ પ્રસંગ નિકળશે.

### પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં વધારાને લઈ પ્રિયંકાનો સરકાર પર કટાક્ષ, કહ્યુ-

# હવે આ દિવસોનું નામ ‘અચ્છે દિન’ રાખવું જોઈએ

ન્યુ દિલ્હી,તા.૨૦

ઉત્તર પ્રદેશનાં પ્રભારી અને કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં સતત વધારા માટે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. પ્રિયંકા ગાંધીએ કટાક્ષમાં લખ્યું હતું કે, ‘ભાજપ સરકારે અઠવાડિયાનાં તે દિવસનું નામ ‘અચ્છે દિન’ રાખવું જોઈએ, જે દિવસે ડીઝલ અને પેટ્રોલની કિંમતોમાં વધારો ન થાય.’ તેની સાથે એક તસવીર પણ શેર કરવામાં આવી છે, જેમાં લખ્યું છે, “તેલની કિંમતો ફરીથી ગગનચુંબી. યુપીમાં આવતા વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને પ્રિયંકા ગાંધી અહી ખૂબ જ સક્રિય દેખાઈ રહી છે. તેઓ સતત સરકારની નીતિઓ પર સવાલો ઉભા કરી રહી છે. અલગ-અલગ શહેરોમાં જઈને ખેડૂતોનાં મુદ્દાઓ પર સરકારને સવાલો કરતી પ્રિયંકા શનિવારે મુઝફ્ફરનગરની મુલાકાત કરશે. તે મુઝફ્ફરનગરનાં બાગરા ગામમાં ખેડૂતોને સંબોધન કરશે. આ પહેલા, પ્રિયંકા ગાંધી સહારનપુર અને યુપીનાં બિજનૌરમાં યોજાયેલી કિસાન મહાપંચાયતમાં જોડાઈ ચુકી છે. પ્રિયંકા સતત ખેડૂત આંદોલનને લઈને સરકાર પર હુમલો કરી રહી છે. ફેબ્રુઆરીથી અત્યાર સુધી પ્રિયંકા ચાર વખત યુપીની મુલાકાતે આવી ચુકી છે.

આપને જણાવી દઈએ કે, વૈશ્વિક સ્તરે ક્રૂડ તેલનાં ભાવ સ્થિર હોવા છતાં, દેશમાં ૧૨ માં દિવસે પેટ્રોલ અને ડીઝલનાં ભાવમાં ભારે વધારો થયો છે. શનિવારે દિલ્હીમાં પેટ્રોલ ૩૯ પૈસા પ્રતિ લીટર મોંઘુ થઈ ગયું છે. આ પછી દિલ્હીમાં આજે પેટ્રોલ ૯૦.૫૮ રૂપિયા પ્રતિ લિટર વેચાઈ રહ્યું છે. વળી, ડીઝલમાં પણ ૩૭ પૈસાનો વધારો થયો છે, ત્યારબાદ ડીઝલની કિંમત પ્રતિ લિટર ૮૦.૯૭ રૂપિયા પર પહોંચી ગઈ છે. છેલ્લા ૧૨ દિવસમાં પેટ્રોલ ૩.૨૮ રૂપિયા અને ડીઝલ ૩.૪૯ રૂપિયા મોંઘુ થઈ ગયું છે. દિલ્હીમાં પેટ્રોલ-ડીઝલ અગાઉ ક્યારેય ૯૦ પાર કરી શક્યું નથી. હાલમાં, લગભગ દરેક શહેરમાં પેટ્રોલ અને ડીઝલ બંનેનાં ભાવ એકંદરે ઉચ્ચતમ સ્તરે છે.

# વિદેશી મંત્રાલયના પાસપાર્ટ સેવા પ્રોગ્રામ માટે ડિજી લોકર પ્લેટફોર્મનું ઉદ્ઘાટન કર્યું

ન્યુ દિલ્હી,તા.૨૦

વિદેશી મંત્રાલયના પાસપાર્ટ સેવા પ્રોગ્રામ માટે ડિજી લોકર પ્લેટફોર્મનું ઉદ્ઘાટન કરતા વિદેશી રાજ્ય મંત્રી મુરલીધરને કહ્યું કે, આનાથી નાગરિકોને ઘણી મદદ મળશે. સાથે જ કહ્યું કે હવે નાગરિકોને પાસપોર્ટ માટે ઓરિજનલ ડોક્યુમેન્ટ્સ લઈ જવાની જરૂર નથી. વિદેશ રાજ્ય મંત્રીએ કહ્યું કે પાસપોર્ટ સેવા પ્રોગ્રામ દેશમાં પાસપોર્ટ સેવાઓના વિસ્તારની દિશામાં મોટુ પરિવર્તન લાવ્યુ છે. ગત ૬ વર્ષમાં તેમાં ઘણુ મોટુ પરિવર્તન જોવા મળ્યું છે. દર મહિને પાસપોર્ટ માટે અરજી કરનારાઓની સંખ્યા સતત વધી રહી છે. ૨૦૧૭માં પહેલીવાર એક મહિનામાં અરજી કરનારાઓની સંખ્યાએ એક મિલિયનનો આંકડો પાર કર્યો.

સાથે જ કહ્યું કે પાસપોર્ટ સેવા પ્રોજેક્ટના માધ્યમથી સાત કરોડથી વધુ પાસપોર્ટ જારી કરવામાં આવ્યા છે. વિદેશ રાજયમંત્રીએ કહ્યું કે, અમે નાગરિકો માટે સર્વિસના અનુભવને સારો બનાવવા માટે ઘણા મહત્વપૂર્ણ પગલાં ભર્યા છે. પાસપોર્ટ નિયમોને સરળ બનાવવાનું જ નહિ પરંતુ નાગરિકોને ઘર નજીક પણ પાસપોર્ટ સર્વિસ આપવાની ડીસામાં કામ કર્યું છે. મુખ્ય પોસ્ટ ઓફિસમાં પાસપોર્ટ સેવા કેન્દ્ર શરુ કરવાની દિશામાં એક પગલું ભર્યું હતું. તેમણે કહ્યું કે ૪૨૬ પોસ્ટ ઓફિસમાં પાસપોર્ટ સેવા કેન્દ્ર ચાલુ થઇ ચુક્યા છે અને બીજા પાઈપલાઈનમાં છે. મંત્રીએ કહ્યું કે ૩૬ પાસપોર્ટ કાર્યાલયો અને ૯૩ વર્તમાન પાસપોર્ટ કેન્દ્રોમાં જોડવામાં આવતા દેશમાં કુલ ૫૫૫ પાસપોર્ટ કાર્યાલય જનતા માટે ઉપસ્થિત છે. સાથે જ કહ્યું કે અમે નાગરિકોની સુરક્ષા વધારવા માટે ઈ-પાસપોર્ટ બનાવવાની દિશામાં પણ કામ કરી રહ્યાં છીએ, જેથી પાસપોર્ટ પર રજીસ્ટર આંકડાઓ સાથે ચેડા કરવા મુશ્કેલી થઇ જાય છે અને જેથી છેતરપિંડીની સંભાવના ઓછી થશે.

# રાજપીપળાની સરકારી આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ કોવિડ હોસ્પિટલને ફાળવી દેતા પરત હવે સરકારી આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલને ફાળવવાની માંગ




રાજપીપળા, તા.૨૦

રાજપીપળા ખાતે વડીયા પેલેસ રોડ પર કરોડોના ખર્ચે નવી અદ્યતન સુવિધા સાથે સરકારી આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ શરુ કરવામાં આવી હતી જેનો બિલ્ડીગ કોવિડ હોસ્પિટલ ખાતે બનાવવામાં આવેલ છે પણ શરુઆતથીજ માર્ચ ૨૦ થી કોરોનાની મહામારી શરૂ થતાં આ બિલ્ડિંગ કોવિડ ૧૯ ની કોરોના સારવાર માટેસરકારે આ વસ્તુ ફાળવી દીધી છે. ત્યારથી સરકારી આયુર્વેદિક હોસ્પિટલ પાછળ ના કોલેજ બિલ્ડિંગમાં ચાલે છે. હવે આર્યુવેદિક વિભાગ પોતાની બિલ્ડીગ આયુર્વેદિક હોસ્પિટલમાં માટે ફાળવવાની માંગ કરી છે.આ અંગે કલેકટરની મીટીગમાં પણ રજૂઆત કરવામાં આવી છે.

કરોડોના ખર્ચે તૈયાર થયેલી અદ્યતન સરકારી આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં અને અદ્યતન સુવિધાઓ હોવા છતાં અહી કોવીડ હોસ્પિટલ આવેલ હોવાથી દર્દીઓ અંદર પ્રવેશતા ગભરાય છે.તેથી આયુર્વેદ હોસ્પિટલમાં આવતા ડરે છે. આ અંગે ડો.પિયુષ શાહે જણાવ્યું છે કે નિયામક કચેરી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર અંતર્ગત સરકારી આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ વડીયા પેલેસ,રાજપીપળા ખાતે કાર્યરત છે. જેમાં નિષ્ણાંત વૈદો ધ્વારા રોગોના નિદાન અને સારવાર નિઃશુલ્ક આપવામાં આવે છે. એમાં હૃદયરોગ, ઉચ્ચ રક્તપાત,ડાયાબિટીસ, થાઈરોઇડ, નબળાઇ, શ્વાસ ચડવો,લોહીની ઉણપ,શરીરમાં દુખાવો થવો,લકવો,મગજ તથા જ્ઞાનતંતુના રોગોની સારવાર. સાંધાના રોગો ( સંધિવા, આમવાત,ગઠિયો વગેરે ), વચાના રોગો ( સોરીયાસીસ,દાદર,ખરજવુ,સફેદ ડાઘ,ખીલ વગેરે ),પાચનતંત્રના રોગો ( અપચો , એસિડિટી , કબજિયાત,ગેસ),મળમાર્ગ ના રોગો( હરસ, મસા, ભગંદર વગેરે ),શ્વસનતંત્રના રોગ (દમ,ઉધરસ, જૂનીશરદી ),આંખ, કાન,નાક,ગળાના રોગો વગેરે, સ્ત્રીઓના રોગો, ( વંધ્યત્વ,માસિક સબંધી રોગો, સુવાવડ પછીની સારવાર), આયુર્વેદ પદ્ધતિથી સૌંદર્યવર્ધક સારવાર,બાળકોના રોગો ( સસની, વધરાવળ,કુપોષણ, જન્મજાતના રોગ જેવાકે થેલેસીમિયા,સિલકસેલ,એનિમિયા વગેરે)ની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર પુષ્પ નક્ષત્રમા સુવર્ણ પ્રાશન (બાળકમાં સ્મૃતિ,બળબુદ્ધિ વર્ધક ), પંચકર્મ સારવાર : અભ્યમ (માલિશ કરવી), સ્વેદન (વરાળ, સેક આપવો), વનમ ( ઔષધ પાન કરાવી,ઊલટી કરાવવી)વિરેચન ઔષધ આપી કોષ્ઠ સાફ કરવો ), બિસ્ત (ગુંદા માર્ગ દ્વારા તેલ ઉકાળોનો એનિમા આપવો), રક્તમોક્ષણ (જળ, અલાબુ, સિરાવેધ દ્વારા લોહીનો બગાડ દૂર કરવું), નસ્ય (નાક દ્વારા તેલ અથવા ઘી આપવું ), અગ્નિકર્મ સારવાર( વિવિધ સાંધાના દુખાવામાં), સ્વાસ્થ્યવર્ધક અમૃત પીએ ઉકાળાનું વિતરણ તેમજ વ્યસનમુક્ત કરવામાં આવે છે. લુકોમીટરથી બ્લડ ગ્લુકોઝ લોહીમાં સાકરની તપાસનો ટેસ્ટ નિશુલ્ક કરવામાં આવે છે.અત્રેની હોસ્પિટલમાં ઉપરના તમામ રોગો માટે હોમીયોપેથી સારવાર પણ નિશુલ્ક ઉપલબ્ધ છે. ત્યારે જનતાએ નો વિનામૂલ્યે લાભ લે એવી અપીલ પણ કરવામાં આવી છે. રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# કાનમાં ઈયરફોન લગાવીને મોટરસાયકલ ચલાવતા ચાલકે બસને અથડાવી અકસ્માત કરતા ઈજા.

રાજપીપળા, તા.૨૦

સાગબારા તાલુકાના કોડબા પાસે હાઈવે રોડ પર કાનમાં ઈયરફોન લગાવીને મોટર સાયકલ ચલાવતા ચાલકે બસમાં અથાડી અકસ્માત કરતા ચાલકને ઈજા થવા પામી હતી.જ્યારે બસ ને નુકસાન થતા અકસ્માત ગુનાની ફરિયાદ સાગબારા પોલીસ મથકે નોંધાઇ છે.આ અંગે ફરિયાદી કલ્પેશભાઈ સતિષભાઈ ચૌધરી (રહે, કેવડીયા ગોડાઉન ફળિયું તા.માંડવી જી.સુરત ) એ મોટરસાયકલ ચાલક ઈન્દ્રસિંહ કરનસિંગ તડવી (રહે, વીરપોર તા.અકલકુવા જી.નંદુરબાર) સામે ફરિયાદ કરી છે. ફરિયાદની વિગત મુજબ આ કામના આરોપી ઈન્દ્રસિંહ કે પોતાની હીરો હોન્ડા મોટરસાયકલ નંબર જીજે ૧૬ એકે ૧૨૩૧ ઉપર પોતાની બંને કાના ઈયરફોન નાખેલ હાલતમાં પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રહ્યા હતા.જેમાં તેને પોતાની મોટરસાયકલ ના સ્ટેરીંગનો કાબુ ગુમાવી દેતા કલ્પેશભાઈ ની બસ નંબર જીજે ૧૮ એકે ૧૨૩૧ ને બસના આગળના ભાગે વચ્ચોવચ ટક્કર મારી દેતા બસને નુકસાન થવા પામ્યું હતું.આ અંગે સાગોરા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

# કૃષિ બિલના ફાયદા સમજાવતા રૂપાલાએ કહ્યું- પહલે ઈસ્તમાલ કરે ફીર વિશ્વાસ કરે

પોરબંદર,તા.૨૦

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પડઘમ વાગી રહ્યાં છે ત્યારે ભાજપના સ્ટાર પ્રચારક પરસોતમ રૂપાલાએ પોરબંદર જિલ્લામાં બે જાહેર સભા સંબોધી હતી જેમાં રમૂજ કરતા અનેક વાત કરી હતી. ત્યારે કૃષિ બિલ મામલે પણ પરસોત્તમ રૂપાલાએ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે પહલે ઈસ્તમાલ કરે ફીર વિશ્વાસ કરે. રાણાકંડોરણા ગામે રૂપાલાએ કૃષિ બિલના ફાયદા સમજાવ્યાં હતા.કૃષિ બિલની વાત કરતાં કરતાં રૂપાલાએ ખેડૂતોને કહ્યું હતું કે પહેલે ઈસ્તમાલ કરે ફીર વિશ્વાસ કરે. આ સાથે જ કૃષિ બિલની વાત કરતા વિપક્ષ પર આક્ષેપ પણ કર્યો હતો. સભામાં મતદારોને અને ખેડૂતોને આ બિલના ફાયદા પણ સમજાવ્યાં હતા.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનો જોરશોરથી ભાજપ દ્વારા પ્રચાર ચાલી રહ્યો છે. ભાજપના સ્ટાર પ્રચારક અને કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાએ કૃષિબિલ વિશે વાત કરી હતી અને રમૂજ સ્વભાવમાં વાત કરી હતી કે એક બાર ઈસ્તમાલ કરે ફીર વિશ્વાસ કરે. આ સાથે જ લોકોને મતદાન કરવા અપીલ કરી હતી.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની છ ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વિષય : પિતા.માતા.સંતાન...સંપર્ક સૂત્રો.......

www.janfariyadnews.com

Email : prdpraval42@gmail.com

What's up calling No : 9824653073

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ

મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ

યુ ટ્યુબ ચેનલ : janfariyadnews

-------------------------------------

ન્યૂઝ ઓફ ગાંધીનગર
સાહિત્ય સરિતા -૧
વિષય : પ્રેમની અભિવ્યકિત,પ્રેમનો એકરાર,
શીર્ષક : "અતૂટ પ્રેમ"
પ્રકાર : ગદ્ય
NG0052

રીયા : "નથી બોલતી તમારી સાથે"

અરે !આમ કેમ કરે છે તું?

"નિત્ય શું થયું આને ,કાંઈ કહે તો ખરો?"

"મને જ નથી સમજાતું કે થયું છે શું મમ્માને..."

"હું તારી મમ્માને ઓળખું છું,તે વધુ સમય મારાથી નારાજ રહી શકે જ નહીં.થોડો સમય વિતશે એટલે તે સામેથી બોલશે,તેનો મને પૂરો વિશ્વાસ છે."

વાહ ડેડ આટલો બધો કોન્ફીડન્સ. તાળી પાડતા નિત્યે "મમ્મા ન તો તમારી સાથે વાત કરી રહી છે,અને ઉપરથી તે નારાજ છે,છતાં તમે આ રીતે બોલી શકો છો.કેવી રીતે ? "

તને નહી સમજાય,આજ તો રહસ્ય છે અમારા વચ્ચે.

"ઠીક છે હું ચાલ્યો મારા સ્ટડી રૂમમાં,હું ખોટી માથાકૂટમાં પડવા નથી ઈચ્છતો.

સંજીવ મનમાં વિચારે છે "કદાચ આને ખબર તો નથી પડી ગઈ ને ?જો કે ખબર પડવાની પણ કેવી રીતે,મારા સિવાય બીજું ક્યા મારા પ્લાન વિષે જાણે જ છે."

(સંજીવ અને રીયા વચ્ચેનો પ્રેમ વર્ષોથી અતૂટ રહ્યો હતો,'એક જિસ્મ દો જાન' એકને તકલીફ પડે તેની અસર સામે દેખાય ,ખાલી દેખાડો કરવા પૂરતો તેમને વચ્ચે પ્રેમ નહોતો,સંજીવ તકલીફમાં હોય, કાંઈ ટેન્શનમાં હોય, તે બધું વગર કીધે રીયા સમજી જતી. રીયા સંજીવ કરતા વધુ ભણેલી ગણેલી,ઉંમરમાં પણ થોડી મોટી. ઈશ્વરની દયાથી સંજીવ સારો એવો બિઝનેસ જમાવી સેટલ થયો હતો. રીયા ક્યારેય સંજીવને પૂછ્યા વિનાં એક ડગલું આગળ વધતી નહી.સંજીવ પણ બિઝનેસથી લઈ ગમે તે નિર્ણય લેવાનો હોય તેમાં રીયાની સંમતિ સલાહ, અભિપ્રાય જરૂર લેતો.)

સંજીવ : "રીયા ઓ રીયા ક્યાં છે?સાંભળ તો ખરી. રીયા મૌન રહેવાની કોશિશ કરવાનો ઢોંગ કરી રહી હતી.

સંજીવે બીજી વાર ,ત્રીજી વાર અવાજ લગાવ્યો, આખરે રીયાથી રહેવાયું નહી ,તે સીધી રૂમમાંથી બહાર દોડતી આવી "હમમમમ....બોલો સંજીવ."

નિત્ય આ બધું ચૂપકેથી જોઈ રહ્યો હતો.

મને ખબર છે કે ,તને કહ્યાં વિનાં આજે મે સરપ્રાઈઝ આપવાનો પ્લાન ઘડ્યો છે,અને તેમાં હું તારી સંમતિ લેવાની ભૂલી ગયો છું,એટલે જ નારાજ છે ને?

રીયાએ, મોં નીચું રાખી હકારમાં માથું ધુણાવ્યું.

નિત્ય તેનાં મમ્મા, પપ્પા વચ્ચેનાં અતૂટ પ્રેમને સમજી ચૂક્યો હતો.

સંજય તરબદા "સાંજ",વડોદરા

-------------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા - ૧
NOG SS No.- 0050
વિષય- પ્રેમપત્ર.... મારા પીયુ માટે...

. કાંઈ પણ સંબંધોન કરું તો નાનુંને અધરુંલાગે .

પેલા ફિલ્મી ગીતની જેમ..." તું પ્યાર કા સાગર હૈ, તેરે એક બુંદ કે પ્યાસે હૈ."

તને પત્ર,સંદેશ,ઈમેલ, મેસેજ, તાર ,કોલ તો એકજ મન હૃદયનો ઉભરો તારા સુધી પહોંચાડવાનો છે. સ્વરૂપ બદલાયું સંદેશો પહોંચાડવાની ગતિ વધી પ્રેમની વાતો વધી હૃદયથી લખાયેલા હોય એટલે પ્રેમની લાગણી ચાસણીમાં ડબોળેલી ડબોડબ ને લખેલા અક્ષરો અવિનાશી ને જયારે વાંચીએ ત્યારે ડબલ જોશમાં મનો હૃદયમાં છવાઈ જાય છે વમળો. અવણેનીય બને છે.હૃદય આભાં તો એની સાથે જ છે. પણ પ્રેમમાં દૂરી આપણને મજબૂત બનાવે છે.

અલગ વિચાર,અલગ મત,અલગ સ્વભાવ પણ આત્માતો એક જ છે. એમાં કેસર ભળ્યું જાણે.. મારા કાવ્યને લેખ તારા વગર અધૂરા જાણે. મનમોહક,રસપ્રદ,તારી ફરિયાદ, નખરાં,ઝઘડા માંગણીઓ, ગુસ્સો , પ્રેમ,ખીજાવવું ,શિખામણ આપવી , રીસાવું બધું મારાથી તો જોડાયેલું છે. તારા વગરની લાગણી શુષ્ક ને નીરસ , જયાં ફકત વાચા જ છે જીવનનો... ટહુકો પ્રેમનું ફરકે છે ફુદકડું ને ફૂંદક ફૂદંક કરે મનડું સાચો પ્રેમ અરિસા જેવો પડછાયા જેવો .

અરિસો જૂઠું બોલે પણ પડછાયો સાથ ના છોડે. આત્માથી થાય છે બાહ્ય સુંદરતા નહીં આંતરીક સુંદરતાથી. દરેક ખામીઓને સ્વીકારી લીધી મેં તો જીવનનું ખાતર નાખ્યાં વિના પ્રેમનું વૃક્ષ મોટું ના થાય હોં !

ભૂલ તારી નહીં પરતું ભૂલ મારી છે એમ સમજવું એજ પીયું તારો સાચો પ્રેમ છે.ચંચળ ને પવિત્ર છે.બાંધેલો વિશ્વાસ ના દોરો એક બીજામાં ભળી જાવું મહત્વ છે.સાચો પ્રેમ તારો કોઈને ના રોકી શકે.પ્રેમને વિશ્વાસની દોરી કયારે કરમાતી નથી.જીવન તમારું જો બીજું નામ તો એ માત્ર પ્રેમ ને પ્રેમ જ છે.જીવનને ભવ્ય બનાવજો.પ્રેમનું હાર્દ સમજજો.ટૂંકમાં અશ્ક એટલે પ્રેમ કરવાની માટેની લાગણી રોમેન્ટિક પ્રેમાલાપો માટે વ્યકત થાય છે.કૃષ્ણને વાંસળીનો અલૌકિક પ્રેમ તેમ મારો ને મારા પતિનો પ્રેમ....!

આંખોમાં આંસુ આવે જયારે તમે ના હોવ સાથે
ખુશી હતી હમારી
જયારે તારી સાથે હોઈએ.
જિંદગી મારી તેમને યાદ કરતાં.
શમણામાં પણ પ્રણયની મજા માણી લઉં.
જે મળ્યું એ સ્વીકારી લીધું
જીંદર્ગીમાં પ્રેમને ખાતર.રાગીની શુકલ"રાગ" (મુંબઈ.કાંદિવલી.)

-------------------------------------

NOG SS No ; 0022
વિષય : પ્રેમપત્ર
વિભાગ : ગદ્ય
પ્રકાર : પત્ર
શીર્ષક :
લેખક : જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

પ્રિય પત્ની ડિમ્પલને,

(હવે એમ ન વિચારતી કે અપ્રિય પત્ની કોણ?)

આજે ૧૪ ફેબ્રુઆરીના દિવસે યુવાનોના પત્રો જોઈને મને પણ જોશ આવી ગયો કે તને પ્રેમપત્ર લખું અને હાથમાં મોબાઈલ લઈને બેસી ગયો. કાગળ અને પેનના દિવસો નીકળી ગયા અને હવે પ્રેમપત્રો મોબાઈલના નોટપેડ કે વોટ્સઅપમાં લખાય છે.

અઢાર વર્ષનો થયેલો આપણો દીકરો પણ કદાચ કોઈને પ્રેમપત્ર લખી રહ્યો હશે. ( હોય હવે ઉંમર જ એવી છે ને! તું ઝાઝી ચિંતા ન કરીશ.)

હું તને સારી રીતે જાણું છું અને અત્યારે જ કલ્પના કરી રહ્યો છું કે આ પ્રેમપત્ર વાંચતી વખતે તારા ચહેરા પર કેવા ભાવ હશે પણ ખબરદાર! જો એવો ભાવ લાવી તો! પ્રેમની કોઈ ઉંમર થોડી જ હોય છે? પ્રેમ તો જેમ જેમ ઘૂંટાતો જાય તેમ તેમ વધુ નશીલો અને વધુ કાતિલ થતો જાય છે.( આ વાક્ય વખતનું સ્મિત નક્કી ઘાયલ કરનારું હશે.)

લોકો કહે છે કે ઉંમર સાથે સુંદરતા ઓછી થઈ જાય છે અને પ્રેમ પણ, પણ તારી ઉંમર વધવાની સાથે તારી સુંદરતા પણ વધી છે અને મારો પ્રેમ પણ. તું મારા માટે આદત થઈ ગઈ છે અને તારો પ્રેમ જરૂરિયાત. તારા વિનાનાં જીવનની કલ્પના પણ નથી કરી શકતો.

તારી મદહોશ કરનારી સુગંધ અને તારું કાતિલ સ્મિત આજે પણ મારા મનને લુભાવે છે. તું, તારી જીદ, તારું હાસ્ય, તારો ક્રોધ બધું જ મને પ્રિય છે અને તે બધું જ તને સંપૂર્ણ બનાવે છે. તું મને તારા ગુણ અને અવગુણો સાથે મને પ્રિય છે કારણ ફક્ત પ્રેમ છે. હું ફક્ત તારા અને તારા માટે જ જીવું છું.

હું તારો અને તું મારી જન્મોજન્મ માટે.

લિ. ફક્ત તારો અને તારો જ

જ્યોતિન્દ્ર

-------------------------------------

NOG સાહિત્ય સરિતા ( ૧ )
NOG No. S .S . 0059.
વિભાગ ગદ્ય
વિષય . 'પ્રેમપત્ર'.
શીર્ષક . " પ્રેમપત્રની પરિભાષા ".

વ્હાલા મિત્રો,

ગુજરાતી મૂળાક્ષરના ૨૧માં અક્ષર 'પ' થી શરૂ થતાંબે શબ્દો પ્રેમ અને પત્ર, જુદા જુદા અર્થ દર્શાવેછે પરંતુ જયારે બને શબ્દ સાથે જોડાય છે ,ત્યારે વિશ્ર્વનાં એક ઉતમ સંબંધને ઉજાગર કરવાની ક્ષમતા ધરાવતો શબ્દ બનેછે, જે સમગ્ર માનવ સૃષ્ટિનો પ્યારો શબ્દછે, "પ્રેમપત્ર".

પ્રેમપત્ર, બે જુદા સંબંધોને એક કરવાની ઉત્તમ ઉર્જા ઉત્પન્ન કરેછે, પછી તે સંબંધ બે યુવાન હૈયાનો હોય કે,ભાઈ-બહેનનો,

પિતા-પુત્રીનો હોય કે ગુરૂ-શિષ્યનો કે પછી બે મિત્રોનો,તે ગદ્ય હોય કે પદ્ય,

છંદમા હોયકે, દૂહામા,શેરમા હોયકે શાયરીમાં, વાતમા હોયકે વાર્તામા, સમજોને પ્રેમપત્રની બાંસુરીનાં સૂર બાળકથી વૃધ્ધમાં, ઉન્નમાદના તાર ઝણ ઝણાવી જાયછે.

જો સંશોધન કરવામાં આવેતો, દરેકને પાકી ખાત્રી જરૂર થાયકે પ્રેમપત્ર, ફક્ત ને ફક્ત સાચા પ્રેમથી લખાયછે અને સંવેદનાની આંખેજ વાંચી શકાયછે.પ્રેમપત્રમાં ભાષા કરતાં ભાવનાનું વિશેષ મહત્વછે.

'પ્રેમપત્ર',પત્રરૂપે લખવાની શરૂઆત થઈ તે પૂર્વે પણ પ્રેમપત્રો લખાયા જ છે, તેના ઉતમ ઉદાહરણ એટલે શ્રી કૃષ્ણ રાધાનો પ્રેમ, મીરાં- કૃષ્ણનો પ્રેમ, રામ-સીતાનો પ્રેમ,
શબરી- રામનો પ્રેમ,
કૃષ્ણ- સુદામાનો પ્રેમ,
ગાંધીજીનો અહિંસા ઉપરનો પ્રેમ,
પ્યારે', આપણો રાષ્ટ્ર પ્રત્યેનો પ્રેમ અરસ પરસની પ્રેમ-લાગણી ને ભકિત ભાવનાનેજ ઉજાગર કરેછે.

હા,આદમ-ઈવ,હીર- રાઝાં કે, રોમિયો-જૂલીયેટનાં પ્રેમના યાદગાર સંભારણા આજેલપણ અમર છે.

પ્રેમની પરિભાષા સમયે સમયે બદલાતી રહેછે પરંતુ" પ્રેમપત્ર", અમરછે..

અપને ચારોકો,મેરા પ્યાર.
લિ. "પ્યારે".
જયકાન્ત એસ ઘેલાણી.' પ્યારે'.

-------------------------------------

સદગુરુ કૃપા હી કેવલમ.
NOG SS NO 0093.
વિષય- પ્રેમની અભિવ્યક્તિ.
શીર્ષક- કેમ પ્રેમમાં આટલો વિરોધાભાસ!

કરુણા એક સીધીસાદી નાના શહેરની યુવતી હતી,પણ તેનાં મામાને શહેરમાં મોટો ધંધો હતો અને તેમને કોઈ સંતાન નહોતું.એટલે કરુણા ને તે દીકરી માનતા હતાં. બધાંનું માનવું હતું કે, તેમના નિધન બાદ કરુણા ને જ તેની મિલકત મળશે. કરુણાનાં મામા, એટલે કપિલ ભાઈ શ્રોફ, અને તેમની ઓફિસમાં ઘણા બધાં યુવાનો કામ કરતા હતાં, એમાંના ઘણાંને કરુણા સાથે લગ્ન કરવાની લાલચ હતી. પરંતુ કૌશલ ખૂબ જ દેખાવડો અને હેન્ડસમ હતો, એટલે કપિલ શ્રોફ મનોમન એવું ઈચ્છતા હતાં કે એની સાથે તેની ભાણી નાં લગ્ન થાય.

આ બાજુ કૌશલની પણ મનોમન ઈચ્છા હતી, કે આ બધી જાયદાદ તેના નામે થઇ જાય. એટલે પોતે પ્રેમ જાળ બિછાવી અને કરુણાને ફસાવવાનું કાવતરું કર્યું, કરુણા સાવ ભલી ભોળી હતી, તે કૌશલની જાળમાં આવી ગઈ, અને સાથોસાથ મામા પણ આવી ગયા. તેમણે પોતાની ભાણીનાં આવું વિચારીને તાત્કાલિક લગ્ન પણ કરી આપ્યા. લગ્ન પછી થોડો વખત બધું પ્રમાણમાં સરખું ચાલ્યું.કપિલ શ્રોફ પણ તેનાથી ઈમપ્રેસ હતાં, એટલે જમાઈ થતાં થોડો પાવર પણ વધ્યો, મિટિંગો પણ વધી અને બહારગામના પ્રેઝન્ટેશન માટે પણ તેને મોકલવાનું શરૂ થયું. કૌશલને ધંધાની અમુક પોલિસી વિશે પણ જ્ઞાન થવા લાગ્યું. ઉપરાંત હવે તે એવું વિચારવા લાગ્યો કે કપિલ શ્રોફનું આયુષ્ય તો લાંબુ છે, એટલે એમ દાવ નહીં પડે. કંઈક જુદું જ કરવું પડશે, એમ વિચારી બેંગ્લોરની મિટિંગ ગોઠવી આમ પણ વેલેન્ટાઈન ડે બે દિવસમાં આવે છે એટલે.... સાથે મજા કરીશ. ભલી ભોળી કરુણા આ બધી વાતથી અજાણ હતી, અને પતિને સાચો પ્રેમ કરતી હતી. કોઈ કોઈ વાર તેને પતિનું વર્તન સમજાતું ન હતું. પરંતુ બધું જ ભૂલી તે રોજ સવારથી રાત સુધી તેની પસંદગી પ્રમાણે જ જીવતી હતી. તેને બેંગ્લોરમાં કોઈ જાતની તકલીફ ન પડે, એ માટે થઈને તેનું પેકિંગ કરતી હતી, ઇસ્ત્રી કરેલાં કપડાઓ બેગમાં ગોઠવતી હતી, એમાંથી લેડિઝ રૂમાલ નીકળે છે, એકમાંથી ઈયરિંગ નીકળે છે, તો ક્યાંક લિપસ્ટિકનો ધોવાયા છતાં ડાઘ દેખાય છે.એક સ્ત્રી માટે આનાથી વધુ દુઃખદ બીજું શું હોય શકે.પરતુ એ બધું નજર અંદાઝ કરી એણે એકદમ વ્યવસ્થિત રીતે પેકીંગ કર્યું, અને યાદ કરી કરીને પતિની આદત મુજબ બધું જ ગોઠવી દીધું.આમ પણ હવે એની પાસે પોતાના પ્રેમને અભિવ્યક્ત કરવાં આની સિવાય ક્યાં કોઈ માર્ગ હતો.

આજે તેને વારંવાર એ ૧૪ ફેબ્રુઆરીનો દિવસ યાદ આવતો હતો,જ્યારે તેમના લગ્ન થયા ન હતાં. કૌશલ તેને લેવા લાલ કલરની ગાડી લઈને આવ્યા હતાં, અને શહેરથી દૂર એક મોંઘી હોટલમાં ડિનર માટે બહાર લઈ ગયાં હતાં. જ્યાં તેમણે બધાંની સામે કેટલું પ્રેમથી પ્રપોઝ કર્યું હતું, અને પોતે શરમાઈ ને તેની બાહોમાં સમાઈ ગઈ હતી, અને હવે તો... એક ગરમ નિસાસો ..એનું મોઢું પણ ઘણી વાર તો અઠવાડિએ કે પંદર દિવસે જોવા મળે છે. કરુણા વિચારતી હતી કે ક્યો પ્રેમ સાચો! પ્રેમી કૌશલનો!! કે પતિ કૌશલનો !!

ફાલ્ગુની વસાવડા

-------------------------------------

NOG SS No.0081
પ્રકાર : ગદ્ય
વિષય : પ્રેમપત્ર
શીર્ષક : જમાઈને પત્ર

ચિરંજીવી સુયશકુમાર,

પ્રાર્થના કરતી વખતે જેમ આપણી જાતને ઈશ્વરને સોંપી દઈએ છીએ એટલી જ શ્રદ્ધાથી મારી દીકરી તમને સોંપી છે. મારી દીકરીને મેં શક્ય એટલાં સંસ્કાર સિંચ્યા છે, તેથી આપને એના વર્તન વિશે કોઈ ફરિયાદ નહીં રહે. ઘરમાં સ્ત્રીઓની બહુમતી હોવાથી એણે પુરુષ તરીકે તેના પિતાને જ આદર્શ માન્યા છે. તમે એની જિંદગીમાં સૌથી મહત્ત્વનાં બીજા નંબરે આવતા પુરુષ છો .તમારો સરળ , શાંત સ્વભાવ એને જરૂર સ્નેહ અને રક્ષણ માટેની હૂંફનો આસ્વાદ કરાવશે જ.

એ તમારી પાસે ક્યારેય કિંમતી ભેટની જીદ નહીં કરે.એ તમારી પાસે ફક્ત સ્નેહ માંગશે. એને હંમેશા પ્રતિભાવની જ અપેક્ષા રહે છે. મારી દીકરી મારું અભિમાન છે .એ તમારાં ઘરની પણ શાન જ બનશે એની મને ખાતરી છે.તમે એની દરેક રીતે કાળજી લેશો જ પણ મા છું ને !

મારી નોકરીને લીધે ક્યાંક એને સમય આપવામાં અન્યાય થયો હશે એમ મને ડંખતું રહે છે,પણ મારી દીકરીને એ વિશે કોઈ જ ફરિયાદ નથી, જે મને ગુનાહિત લાગણી આપે છે.

એને તમે ક્યારેય એકલી ન પડવા દેશો.એને એકલતા પસંદ નથી. એની સાથે ખૂબ વાતો કરજો. બસ, એને એકલાં રહેતાં નથી આવડતું. એને વાતો કરવા સતત કોઈની જરૂર પડે છે. વાતો કરવા માટે એને મોબાઈલ અપાવી દીધો પણ સમય ઓછો
આપી શકી. વાતો નહીં કરી શકવાના કારણે મારી સાથે રીસાઈ જતી.તમે એને રીસાવા ન દેતાં.ફક્ત અને ફક્ત પ્રેમથી જ એ મનાય જશે.હા,જરા લાંબું ચાલશે પણ સોડાના ઊભરાની જેમબધું ઉભરાઈનેઠીક થઈ જશે.

એને દલીલમાં તમે નહીં જીતી શકો.મેં એને ઘણીવાર સમજાવી છે,વાતને ઠંડામગજથી સમજવા.તમારો સાનુકૂળ થવાનો સ્વભાવ જોઈ હું ખરેખર ખૂબ ખુશ થઈ . ઈશ્વરનો ખૂબ આભાર કે તમારી સરસ બેલડી બનાવી. એવું તો નહીં માંગું કે મારા કાળજાનાં ટુકડાને રડાવતા નહીં ,પણ પ્લીઝ એને એકલી ના રડવા દેતાં. તમારા રૂમાલથી એનાં ગાલ લૂછજો,એ? તમારો રૂમાલ પણ નહીં લે ,રડતી વખતે.

તમારા હાથમાં એનો હાથ મૂક્યો ત્યારે એને દાનમાં નથી આપી, તમારાં ગોત્રમાં સમાવેશ કરવા વિનંતી કરી છે. યાદ છે ને, લગ્નની એક વિધિમાં તમે સાસુનો (મારો) છેડો પકડી ભેટ માંગી ત્યારે મેં હસતાં હસતાં ભેટ આપી કહ્યું હતું," કરોડો રૂપિયાની મારી દીકરી આપી પછી બીજી કોઈ પણ ભેટની શું વિસાત !"તેથી આ મારાં વ્હાલનાં દરિયાનું તોફાન ચલાવી લેજો અને તમે બંને શિવ - પાર્વતી જેવું દામ્પત્ય ભોગવો એ જ અભિલાષા.લગ્ન એ બે વ્યક્તિ સાથે જ બે કુટુંબ વચ્ચે સેતુ સમાન પવિત્ર વિધિ છે .આપ પણ અમારાં કુટુંબનાં સન્માનનીય સભ્ય બન્યાની ખુશી છે. સદાય આપ બન્નેને આશિષ આપતી,

લિ. માયા મોમ..

### ખાખી પે દાગ લગતા નહીં ખુદ હી લગાતે હૈ...!!

# અરવલ્લી એલસીબીએ ઝડપેલ દારૂ ભરેલ ટ્રકમાંથી જ એલસીબી પોલીસ કર્મચારીઓ કારમાં દારૂ વેચવા નીકળ્યા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં પોલીસતંત્રના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ સાથેની ભાઈબંધી જગજાહેર છે જીલ્લાના માર્ગો પરથી મોટા પ્રમાણમાં દારૂની હેરાફેરી થતી હોવાથી સતત વિદેશી દારૂ ઝડપવાની ઘટનાઓ બનતી રહે છે પોલીસે ઝડપેલ દારૂમાંથી બરોબર સગેવગે કરવામાં આવતો હોવાની બૂમો પણ અનેક વાર ઉઠી છે ત્યારે અરવલ્લી એલસીબી પોલીસે શુક્રવારે સવારે દારૂ ભરેલ ટ્રક ઝડપી પાડ્યો હતો દારૂ ભરેલ ટ્રકમાંથી અરવલ્લી એલસીબીમાં ફરજ બજાવતા બે કર્મચારીઓ જ કારમાં દારૂનું કટીંગ કરી કારમાં ૧.૨૦ લાખનો દારૂ ભરી સગેવગે કરી રહ્યા હતા કારનું પાયલોટીંગ વહીવટદાર કરી રહ્યો હોવાનું જાગૃત નાગરિકના ધ્યાને આવતા ચોકી ઉઠ્યો હતો અને દારૂ ભરેલ કારનો પીછો કરતા કાર ચાલકને



જાણ થતાં ફુલસ્પીડે કાર હંકારતા કાર વાઘોડીયા નજીક પલ્ટી જતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા સમગ્ર ઘટનાના પગલે મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી કારમાં દારૂનું સગેવગે કરનાર ખુદ ખાખી જ હોવાનું બહાર આવતા પોલીસબેડાંમાં હડકંપ મચ્યો હતો સમગ્ર ઘટનાની જાણ જીલ્લા પોલીસવડા સંજય ખરાતને થતા રૂરલ પોલીસને કોઈ પણ પ્રકારની સહ-શરમ રાખ્યા વગર પોલીસ કર્મચારીઓ સંડોવાયેલ હોય તો તેમની સામે નામજોગ ફરિયાદ દાખલ કરવા અને નિષ્પક્ષ તપાસના આદેશ આપી દીધા હતા મોડાસા રૂરલ પોલીસે અરવલ્લી એલસીબી પોલીસના બે કર્મીઓ અને અન્ય એક શખ્સ સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

અરવલ્લી જીલ્લામાં ખુદ ખાખી જ દારૂ કટીંગ કરી રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે જીલ્લા એલસીબી પોલીસે જપ્ત કરેલ દારૂ ભરેલ ટ્રકમાંથી વિદેશી દારૂનું કટીંગ કરવામાં એલસીબી પોલીસકર્મીઓની ભૂંડી ભૂમિકા હોવાનું બહાર આવતા પોલીસબેડામાં ભારે ચકચાર મચી હતી એલસીબી પોલીસે વિદેશી દારૂ ભરેલ ટ્રક ઝડપી લીધા પછી દારૂ ભરેલી ટ્રક એસપી કચેરી પાછળ કંપાઉન્ડમાં પાર્ક કર્યા બાદ દારૂની ગણતરી થાય તે પહેલા એલસીબી પોલીસમાં ફરજ બજાવતા ઈમરાનખાન નજામીયા શેખ અને પ્રમોદ સુખદેવભાઈ પંડ્યા એસેન્ટ કારમાં દારૂ ભરી કટિંગ કરી દારૂને સગેવગે કરી રહ્યા હતા એલસીબી પોલીસની ખેપનું પાયલોટીંગ એલસીબી પોલીસનો વહીવટદાર શાહરુખ બાઈક પર કરી રહ્યો હતો આ ઘટના એસપી કચેરીમાં બેઠેલ જાગૃત નાગરિકની આંખો સામે થતા ખાખી જ દારૂનું કટીંગ કરતી હોવાનું જોઈ ચોકી ઉઠ્યો હતો જાગૃત નાગરિકે એલસીબી પોલીસકર્મીઓ અને વહીવટદાર દારૂને સગેવગે કરે તે પહેલા કારનો પીછો જાગૃત નાગરિકે કરતા વહીવટદાર તેની કારનો પીછો થતો હોવાનું જણાઈ વિદેશી દારૂ સગેવગે કરવા જનાર વહીવટદાર બોખલાઈ ગયો હતો અને કાર પુરઝડપે હંકારવા જતા કાર પલ્ટી જતા ઈમરાન શેખ અને પ્રમોદ પંડ્યા તેમજ બાઈક ચાલક વહીવટદાર શાહરુખ નાસી છૂટ્યા હતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા

ગાંધીના ગુજરાતમાં પોલીસ અને બુટલેગરો વચ્ચે દારૂ ભરેલી કાર ઝડપી પાડવા ફિલ્મી દ્રશ્યો સર્જાતા હોય છે ત્યારે જાગૃત નાગરિકે એલસીબી પોલીસની કારમાં દારૂ સગેવગે કરવાની ખેપને નિષ્ફળ બનાવવા જતા જાગૃત નાગરીક અને ખાખીમાં છુપાયેલ બુટલેગરો અને વહીવટદારની કાર વચ્ચે ફિલ્મી દ્રશ્યો સર્જાતા ભારે ચકચાર મચી હતી મોડાસા રૂરલ પોલીસ જાતે ફરિયાદી બની દારૂની ખેપ મારી રહેલા એલસીબી પોલીસ કર્મી ઈમરાનખાન નજામીયા શેખ,પ્રમોદ સુખદેવપ્રસાદ પંડ્યા અને શાહરુખ નામના શખ્શ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

## રાજપીપળા ખાતે મતદાન જાગૃતિ રેલી નીકળી

# રેલીને જિલ્લા શિક્ષણાધિકારીએ લીલી ઝંડી ફરકાવીને કરાવ્યું પ્રસ્થાન



રાજપીપલા,તા. ૨૦

આગામી તા.૨૮ મી ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ યોજાનારી જિલ્લાતાલુકા પંચાયત નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ અન્વયે નર્મદા જિલ્લાની જનતા વધુમાં વધુ મહત્તમ મતદાન કરે તેવા હેતુસર જનજાગૃત્તિ કેળવવા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર ડી.એ.શાહનાં માર્ગદર્શન હેઠળ આજે રાજપીપલા ખાતે સ્વીપ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલી મતદાર જાગૃત્તિ રેલી નીકળી હતી. જેને જિલ્લા શિક્ષણાધિકારી જયેશભાઇ પટેલે રાજપીપલા જિલ્લા ન્યાયાલય ખાતેથી પ્રસ્થાન કરાવ્યું હતું. મતદાર જાગૃત્તિનાં બેનર્સ સાથેની આ રેલી જિલ્લા ન્યાયાલયથી સ્ટેશન રોડ, સફેદ ટાવર થઈને સરદાર ટાઉનહોલ ખાતે પહોંચીને રેલીનું સમાપન થયું હતું. જેમા વિવિધ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ, એનએસએસ ના છાત્રો સહિત શિક્ષકો આ રેલી જોડાયા હતા અનેતમામ મતદારોને મતદાનમાં અચૂક ભાગ લેવાનો સંદેશો આપ્યો હતો.

મતદાર જાગૃત્તિ રેલીમાં મતદાન – મહાદાન, મત આપો દેશ બચાવો, ૧૮ વર્ષની કરી ઉંમર પાર, હવે મળ્યો મતનો અધિકાર, ચાલો આપણે કરીએ મતદાન, વોટ ફોર અ બેટર ઈન્ડિયા, જન જન યહી પુકાર, વોટ ડાલો અબકી બાર, લોકશાહીની નમ્ર અરજ, મતદાન એ પવિત્ર ફરજ, આપકા મતદાન લોકતંત્રકી જાન, છોડો અપને સારે કામ, પહલે ચલો કરે મતદાન, મારો મત મારી સરકાર, એક વોટ સે હોતી જીત-હાર-ઈસલીયે કોઈ વોટ ન હો બેકાર, વોટ હમારા હૈ અધિકાર-કરે નહીં ઈસકો બેકાર , લોકોતંત્ર કા પર્વ મનાયેંગે-વોટ ડાલને જરૂર જાયેંગે, છોડો આપના બધા કામ-ચાલો કરીએ પહેલા મતદાન, તમારો મત લોકતંત્રની જાન, મતદાનનું મૂલ્ય સમજીએ - મતદાનની તક ના ગુમાવીએ, યુવાઓનું મતદાન એ લોકશાહીની શાન છે, લોકશાહી કરે પોકાર- મતદાન કરો કરી વિચાર, અમને મળ્યો છે મતઅધિકાર-અમે લાવીશું અમારી સરકાર વગેરે જેવા બેનર્સ-પ્લેકાર્ડ સાથેની આ રેલીએ નગરજનો માં અચૂક મતદાન કરવાનો સંદેશો ગુંજતો કર્યો હતો અને તા.૨૮ મી ફેબ્રુઆરીના રોજ નર્મદા જિલ્લો પણ અચૂક મતદાન કરશે તેવો સંદેશો આપ્યો હતો.

તસવીરઃ જયોતિ જગતાપ,રાજપીપળા

# ગુજરાત હાઈકોર્ટે મતગણતરી એક જ દિવસે થાય તેવી અરજદારની માંગ ફગાવી

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે મતગણતરી એક જ દિવસે થાય તેવી અરજદારની માંગ ફગાવી દીધી છે. હવે રાજ્યમાં ૨૩ ફેબ્રુઆરીએ જ મહાનગરપાલિકાની મતગણતરી હાથ ધરવામાં આવશે જ્યારે ૨ માર્ચે નગરપાલિકા-તાલુકા અને જિલ્લા પંચાયતની મતગણતરી હાથ ધરાશે.

રાજ્યના ચૂંટણી પંચ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં સોગંદનામું રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં અરજદારોની અરજી ટકવાપાત્ર નહિ હોવાની રજુઆત કરવામાં આવી હતી. અરજદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકે છે.



ચૂંટણી પંચ દ્વારા રજૂ કરવામાં આવેલા સોગંદનામામાં જણાવવામાં આવ્યું હતું કે ચૂંટણી પંચ બંધારણીય દરજ્જો ધરાવતી સ્વાયત સંસ્થા છે અને જો મતગણતરી અલગ અલગ દિવસે થાય તેનાથી કોઈનો બંધારણીય અધિકાર છીનવતો નથી. અરજદારોએ પોતાનો રાજકિય બર લાવવા માટે અરજી કરી હોવાની વાત પણ કરવામાં આવી છે. અલગ અલગ સમયે મતગણતરી થવાથી ચૂંટણી પ્રભાવિત થશે, તેવી અરજદારની પૂર્વ ધારણા પર કોર્ટ ચૂંટણી પ્રક્રિયામાં હસ્તક્ષેપ ન કરે તેવી રજુઆત કરવામાં આવી છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારની જરૂરિયાત પણ અલગ અલગ હોવાની દલીલ કરાઈ હતી.

ગુજરાત હાઈકોર્ટે અગાઉ અલગ અલગ દિવસે મતગણતરીના નિણર્ય મુદ્દે રાજ્યના ચૂંટણી પંચ અને રાજ્ય સરકારને સોગંદનામું રજૂ કરવાનો આદેશ કર્યો હતો. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં રજુઆત કરવામાં આવી છે કે મહાનગર પાલિકા અને પંચાયતની મતગણતરી એક જ તારીખે સાથે રાખવાની રજુઆત કરવામાં આવી છે.ફોટો સ્ટોરી કુશલભાઈ ભટ્ટ

## રજાઈના કેનેડા રહેતા શ્રી ઘનશ્યામભાઈ પટેલને લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ ૨૦૨૦ આપવામાં આવ્યો




રામન સાયન્સ એન્ડ ટેકનોલોજી ફાઉન્ડેશન ( ભારત ) સંચાલિત નેશનલ કાઉન્સીલ ઓફ ટીચર્સ સાયન્ટીસ્ટ અને ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબ ના કેનેડા ના ડિરેક્ટર શ્રી ઘનશ્યામભાઈ આર પટેલ ની ભારતીય બાળકો અને શિક્ષકો ની ગણિત, વિજ્ઞાન ક્ષેત્રે પ્રતિભા વિકસાવવા આજીવન કરેલ દીર્ઘકાલીન નિસ્વાર્થ સેવાઓ , ગણિત, વિજ્ઞાન ની પ્રવૃતિઓ ના પ્રચાર અને પ્રસાર માટે કરેલ કાર્ય, ગણિત પરત્વે નો પ્રેમ , નિષ્ઠા ને દયાનમાં લઈ ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબ ના ચેરમેન ડો. ચંદ્રમૌલી જોશી અને એવોર્ડ સિલેકશન કમિટીએ લાઈફ ટાઈમ એચીવેમેન્ટ એવોર્ડ માટે પસંદગી કરી હતી .શ્રી ઘનશ્યામભાઈ પટેલે ખેડા જિલ્લામાં ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબ ના પૂર્વ અધ્યક્ષ તરીકે અને ખેડા જિલ્લા માદયમિક અને ઉચ્ચતર માદયમિક શાળા વિજ્ઞાન મંડળ ના પૂર્વ પ્રમુખ તરીકે પણ સેવાઓ આપેલ છે . કેનેડા માં તેમણે ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ ૨૦૨૦ માં ભારતીય બાળકો ને ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા .

૧૪ માં નેશનલ મેથ્સ કન્વેનશન ૨૦૨૧ માં પણ ગણિત કવીઝ , ગણિત મોડેલ , ગણિત નિબંધ વગેરે સ્પર્ધાઓ માં વિદ્યાર્થીઓને ભાગ લેવા માર્ગદર્શન આપેલ . શ્રી ઘનશ્યામ પટેલ ને ૧૪ મા નેશનલ મેથ્સ કન્વેનશન મા ઓનલાઈન લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ મળેલ છે . ( કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )

# યુ.એન મહેતાથી રાજાશાહી ઠાઠ માં રૂપાણી પી.પી.કીટ સાથે મતદાન કરી પાછા ફરશે




રાજાશાહી ઠાઠ માં રૂપાણી પી.પી કીટ પહેરી ને અમદાવાદ થી રાજકોટ મતદાન કરવા પ ા ે લ ી સ . ડ ા ે ક ટ ર . એમ્બ્યુલન્સ,સી.એમ સ્ટાફ સાથે મતદાન કરવા જશે.ભાજપ માં તેમના આકાઓ થી × મન કી બાત× પ્રમાણે સગવડિયા નિયમો. લાદી,કાયદા માં તાત્કાલિક ફેરફારો કરી ને યોજના પ્રમાણે કાર્ય કરવાની આ ભાજપ ની રાજકીય સત્તા ની પ્રજા વિરુદ્ધ લોકશાહી નું વરવું રૂપ છે...કોરોના માં આમ આદમી ના ઘાર ની બહાર ૧૪ દિવસ બહાર નહિ નીકળવાના ઘાર ની બહાર બોર્ડ લગાવવામાં આવે અને જો નીકળે તો ગુનો લગાવી કેસ કરવામાં આવે..હોસ્પિટલ માં દર્દી છેલ્લા શ્વાસે હોય તો અને ગુજરી જાય પછી પોસ્ટમોર્ટમ થાય ત્યારે દર્દી ના સગા ને જાણ કરી બોલાવવા અ ા વ ે . . ક ે ટ લ ા ય ે શંકાશીલ,હોસ્પિટલ,સ્ટાફ,લેબોરેટરી ની સરકારી બે સરકારી મોત નિપજ્યા અને તેને કોરોના અને અન્ય બીમારી માં.ખપાવી દીધા ની અસંખ્ય ફરિયાદો થઈ છે..જેમાં પ્રજાને આરોગ્ય ની કોરોના આંકડા જાળ માં વી.આઇ.પી સરકારી અધિકારીઓ અને રાજકીય મંત્રીઓ ના પુત્રો.સગાવહાલા રાતો રાત વિદેશ થી ગુજરાત ઘરે લાવી ૧૪ દિવસ સંતાડી જાહેર કરવામાં આવ્યું નથી અને સરકાર સામે પત્રકારો અને અધિકારીઓ આ બાબતે સતત ઘર્ષણ થતું આવ્યું છે..ભાજપ ને આવા લોકશાહી નો દૂર ઉપયોગ કરતા શાશન ના ભવાડા હવે બંધ કરી ના જોયાનું જોયામાં આવવાથી જે તઘલઘી.પ્રજા ને અન્યાય રૂપ નિર્ણયો લઈ શાશન કરે છે તે બંધ કરી દેવું જોઈએ નહિ તો ભવિષ્ય મા આ પ્રજા બદલા રૂપી તેનો પરચો બતાવશે તો આ ભાજપ ના સ્કૂટર પરથી ટૂંકા સમય માં ઓડી,બિ.એમ.ડબલ્યુ માં રખડતા ને ઘર માથી બહાર નીકળવું ભારે પડે તેવું ચર્ચાય છે..એક હિ આગ.જન ફરિયાદ....ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક..૧




**વડનગર તા ૧૬ જુનું અને જાણીતું વડનગર નું શમિષ્ઠાતળાવ લીલ અને વેલો નું સામ્રાજ્ય જોવા મળ્યું છે અને આ લીલ ગરમી વખતે દિવસ રાત દુગંધ મારે છે અને. તળાવ ની ચારેકોર રહેણાંક વિસ્તાર છે તો ભયકર રોગ ચાળો થવા ની સંભવના છે અને. જેમ અમદાવાદ કાંકરીયા તળાવ ને લીલ કે કચરો સાફ કરવા નું મશીન છે તો. તેવું મશીન વડનગર નગરપાલિકા કેમ ખરીદી શકતી નથી. નગરપાલિકા નાં. નગર વિકાસ માટે ૩ કરોડ ૪૭ લાખ રુપિયા પાસકરેલાં તો આ નગર નાં તળાવ ની સાફ સુફી કેમ કરતાં નથી અને તળાવ ની આરા પાસે પથ્થર પણ પડેલાં જોવા મળે છે તો. તળાવ નું પહેલણ નું કામ અઘુરુ છે અને પાછું વડનગર પ્રવાસ ઘામ કેવી રીતે બનશે જે રુબરુ નરી આંખો જેતે કામ દેખાય છે તે કામ તો પુરા થયેલાં જ નથી વડનગર માં વડાપ્રઘાન નરેન્દ્ર મોદી ના માદરે વતન માં જ કામ નાં જ ઠેકાણ જ નથી. જ્યાં.મોદીજી ભૂતકાળ.માં મગર પકડતા એવું કહેતા..તો બીજી જગ્યા કેવા કામ થતાં હશે. તે જો વા જેવું નું રહ્યું.**

# મહાનગર પાલિકાના નવા સમાવિષ્ટ વિસ્તારમાં ઘરે ઘરેથી કચરો લેવાની કામગીરીનો મેયરશ્રીના હસ્તે શુભારંભ

ગાંધીનગરઃ

ગાંધીનગર શહેરના જેવી સફાઈની વ્યવસ્થા મહાનગર પાલિકામાં નવા ભળેલા વિસ્તારમાં કરવામાં આવી રહી છે. શનિવારે સવારે નવા વિસ્તારમાં ઘરે ઘરેથી કચરો લેવાની કામગીરીનો પ્રારંભ કુડાસણમાં રિલાયન્સ ચોકડી પાસેથી મેયરશ્રી રીટાબેન પટેલના હસ્તે કરાવવામાં આવ્યો હતો. મેયરશ્રી તથા ડેપ્યુટી મેયરશ્રી નાજાભાઈ ઘાંઘર અને સ્થાનિક વિસ્તારના આગેવાનોએ ૩૫ કચરા ગાડીઓને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવી હતી. આ તકે મેયરશ્રીએ રીટાબેન પટેલે જણાવ્યું કે ગાંધીનગર શહેરના જેવી જ સફાઈ વ્યવસ્થા ૧૮ ગામ, પેથાપુર નગર પાલિકા અને ૭ ટીપી વિસ્તારમાં કરવામાં આવી છે. હવેથી નવા સહિત સમગ્ર મહાપાલિકા વિસ્તારમાં દરેક ઘરેથી સવારે નિયત સમયે કચરો લઈ જવામાં આવશે.




મેયરશ્રીએ જણાવ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વચ્છ ભારત મિશન અને સ્વચ્છતા સર્વેક્ષણ શરૂ કરાવવામાં આવ્યા છે અને તેનો અમલ દેશભરમાં કરવામાં આવ્યો છે. ગાંધીનગર મહાનગર પાલિકા પણ સ્વચ્છતા સર્વેક્ષણના સંબંધમાં ગોઠવવામાં આવેલી વ્યવસ્થાઓના પગલે અગ્રતાક્રમ મેળવ્યા છે. આ અંતર્ગતની સ્પર્ધાઓમાં પણ નગરવાસીઓ અને સંસ્થાઓ જોડાઈ હતી. ત્યારે સ્વચ્છતાને આદત બનાવવામાં આવે તો આવતીકાલના ભારતની તસવિર જુદી જોવા મળશે. પ્રદુષણ મુક્ત સમાજ વ્યવસ્થા ગોઠવી શકાશે અને જાહેર આરોગ્યને વધુ સમૃદ્ધ બનાવી શકાશે. સેનિટેશન સુપ્રિટેન્ડેન્ટ સંદિપસિંહ ગોહિલે જણાવ્યું કે નવા વિસ્તારોમાંથી કુલ મળીને દૈનિક ૬૦ ટન જેટલા કચરાનું એકત્રીકરણ કરવામાં આવશે અને સુકો અને ભીનો કચરો અલગ લેવામાં આવશે.

## પાલનપુરમાં હિંગળાજ માતાના મંદિરના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી

અ ા જ ર ા ે જ તારીખ.૨૦.૨.૨૦૨૧ ના હિંગળાજ માતા મંદિર હરીપુરા માનસરોવર રોડ પાલનપુરમાં હિંગળાજ માતા મંદિરના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી સ્થાપના દિવસે સવારે ૭ વાગે આરતી કરવામાં આવી ૧૦ વાગે હવન કરવામાં આવ્યો દર વર્ષે શોભાયાત્રા કાઢવામાં આવે છે પરંતુ આ વર્ષે કોરોના મહામારીમાં શોભાયાત્રા મોકૂફ રાખવામાં આવી સિંધી ખત્રી સમાજ સિંધી સમાજ ના લોકો જોડાયા હતા ખત્રી સમાજના મુકી સાહેબ મુલચંદ ભાઈ ખત્રી સમાજના યુવા પ્રમુખ રાજુભાઈ ખત્રી જય માલા બેન ખત્રી જામનદાસભાઈ ખત્રી યુવા ખત્રી મહિલા મંડળ ખત્રી યુવા મંડળ મિત્રો અને જીવ દયા પ્રેમ ઠાકોર દાસ ખત્રી ખાસ હાજરી આપીને જરૂર બંધ લોકોને નોટબુક ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું અને પ્રસાદી રૂપે વેજીટેબલ પુલાવ આપવામાં આવ્યો ઠાકોરદાસ ખત્રી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો

# મધ્યપ્રદેશ બસ દુર્ઘટનામાં માર્યા ગયેલાઓને મોરારીબાપુ તરફથી બે લાખ ચાલીસ હજારની તત્કાલ સહાય



જીવનની અનિશ્ચિતતાઓનો વધુ એક તાજો દાખલો એટલે ગઈકાલે મધ્યપ્રદેશમાં ઘટેલી બસ દુર્ઘટના. આજના અખબારી હેવાલો અનુસાર ગઈકાલે મધ્યપ્રદેશના સીધી નજીક એક પ્રવાસી બસ નહેરમાં પડી જતા કરુણાંતિકા સર્જાઈ છે. આ દુઃખદ ઘટનામાં ૪૮ લોકોએ પોતાનો પ્રાણ ગુમાવ્યો છે. શ્રી હનુમાજીની સાંત્વના રૂપે આ તમામ મૃતકોના પરિવારજનોને રૂ. ૫ હજારની તત્કાલ સહાયતા રાશિ પૂજ્ય મોરારીબાપુએ મોકલવા જણાવ્યું છે. આ સહાયતાની કુલ રૂપિયા રાશિ બે લાખ ચાલીસ હાજર થાય છે. મધ્યપ્રદેશ સ્થિત રામકથાના શ્રોતઓ દ્વારા આ રાશિ વિતરિત કરવામાં આવશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે તાજેતરમાં તામિલનાડુના વિરુદનગરમાં ફટાકડાના કારખાનામાં આગ લગતા ૧૭ લોકોએ પ્રાણ ગુમાવ્યા હતા તેમને પણ આ જ પ્રકારે સહાયતા પહોંચતી કરવામાં આવી રહી છે. તમામ મૃતકોના નિર્વાણ માટે પૂજ્ય બાપુએ પ્રાર્થના કરી તેમના પરિવારજનો પ્રતિ સંવેદના વ્યક્ત કરી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK